RNI No.: GUJGUJ/2014/59295

www.janfariyadnews.com

ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

* Volume : 9 * Issue No. 81* Date: 9.01.2023, Monday * Page :04 * Rs. 1.00/- * Annual Rs. 351/-

રિવરફ્રન્ટ પર આકાશમાં ઊડ્યા જોકર, ચામાચીડિયાં, પંખી આકારના પતંગ પવનમાં ચગ્યા

અમદાવાદ,તા.૮

અમદાવાદમાં આંતરરાષ્ટ્રીય કાઈટ ફેસ્ટિવલને મુખ્યમંત્રી હસ્તે આજરોજથી ખુલ્લો મૂકવામાં આવ્યો છે. ૨૦૨૩નો આ કાઈટ ફેસ્ટિવલ જી-૨૦ સમિટની થીમ પર આધારિત છે અને આજથી ૧૪ જાન્યુઆરી સુધી ચાલશે. આ પતંગ મહોત્સવમાં દેશ-વિદેશના પતંગબાજો ભારે ઉત્સાહ સાથે જોડાયા છે. અંદાજિત ૮ જાન્યુઆરીથી ૧૪ જાન્યુઆરી સુધી ચાલનારા આ કાઈટ ફેસ્ટિવલમાં ૫૬ દેશોના ૧૫૦ થી વધુ પતંગબાજો ભાગ લેવાના છે. આજે વહેલી સવારથી જ મોટી સંખ્યામાં વિદેશી ૫૬ દેશના પતંગબાજોએ કાઈટ ફેસ્ટિવલમાં ભાગ લીધો છે. આંતરરાષ્ટ્રીય અને રાષ્ટ્રીય પતંગબાજો દ્વારા પરેડનું પણ આયોજન હાથ ધરવામાં આવ્યું છે. ગુજરાત પ્રવાસન વિભાગ દ્વારા આ વર્ષે એક નવો રેકોર્ડ સર્જવા કવાયત હાથ ધરવામાં આવી છે.

કોરોના કાળના બે વર્ષ બાદ આજથી આંતરરાષ્ટ્રીય કક્ષાનો કાઈટ ફેસ્ટિવલનો પ્રારંભ થયો છે. સાબરમતી રિવરફ્રન્ટ પર મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ દ્વારા કાઈટ ફેસ્ટિવલનું ઉદઘાટન કરવામાં આવ્યું છે. આજે પતંગબાજો રિવરફ્રન્ટ પર પહોંચ્યા હતા. વિવિધ પ્રકારના પતંગોનો આકાશી નજારો જોવા મળ્યો હતો.

બેલારુસ દેશથી આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવમાં ભાગ લેવા આવેલાં એન્જલિકાએ જણાવ્યું હતું કે, આ મારો બીજો પતંગ મહોત્સવ છે. અમે પક્ષીઓની થીમ ઉપર પતંગ બનાવ્યો છે. હું બેલારુસ દેશને આંતરરાષ્ટ્રીય ફેસ્ટિવલમાં રિપ્રેઝન્ટ કરું છું. સાબરમતી રિવરફ્રન્ટ પર યોજાનારા કાઈટ ફેસ્ટિવલ એક વર્લ્ડ રેકોર્ડ બનવા જઈ રહ્યો છે. ૫૬ દેશોના ૧૫૦ પતંગબાજો ઉપરાંત ભારતનાં ૧૪ રાજ્યોમાંથી ૬૫ પતંગબાજો પણ ભાગ લેશે. આ પતંગબાજો ગુજરાતનાં વડોદરા, વડનગર, સ્ટેચ્યુ ઓફ યુનિટી, દ્વારકા, સુરત, સોમનાથ, રાજકોટ, ધોલેરા, સફેદ રણ અને અમદાવાદ રિવરફ્રન્ટ ખાતે પરફોર્મ કરશે. પતંગોનો ઈતિહાસ પણ આયોજિત સ્થળો પર પ્રદર્શિત થશે. ગુજરાતમાં જી-૨૦ની ઘણી બેઠકો યોજાવા જઈ રહી છે, ત્યારે કાઈટ ફેસ્ટિવલને જી-૨૦ થીમ સાથે જોડવામાં આવ્યો છે. ૮થી ૧૪ જાન્યુઆરી સુધી ચાલનારા કાઈટ ફેસ્ટિવલમાં યુકે, સાઉથ કોરિયા, ન્યુઝીલેન્ડ, બ્રાઝિલ, ઓસ્ટ્રેલિયા સહિતના ૫૬ દેશોના પતંગો પણ પ્રદર્શિત કરવામાં આવશે અને પતંગના સદીઓ જૂના ઈતિહાસને પણ જીવંત બતાવવામાં આવશે.

આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવ-૨૦૨૩માં વિશેષ રીતે થીમ આધારિત વિવિધ સ્ટોલ્સ પણ બનાવવામાં આવ્યા છે. પતંગનો ભાતીગળ ઈતિહાસ દર્શાવતું થીમ પેવેલિયન અને પતંગ માટેના વર્કશોપ પણ બનાવવામાં આવ્યાં છે. રાજ્યના હસ્તકલાના કારીગરોને ઘરઆંગણે જ પોતાના હાથે બનાવેલી ચીજવસ્તુઓનું વેચાણ કરી શકે તે હેતુથી હસ્તકલા બજારમાં ૫૦ સ્ટોલ અને ખાણીપીણીના ૨૫ સ્ટોલ્સ પણ રાખવામાં આવ્યા છે. આ સાથે દરરોજ સાંજે ૭થી ૯ કલાક સુધી સાંસ્કૃતિક કાર્યક્રમો પણ યોજવામાં આવશે.આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવના આયોજન થકી રાજ્યમાં દેશ-વિદેશના પ્રવાસીઓની સંખ્યામાં વધારો થયો છે. પ્રવાસન વિભાગના આ પ્રકારના આયોજનથી સ્થાનિક સ્તરે રોજગારીની તકોનું સર્જન થયું છે, પરિણામે અર્થતંત્ર પણ મજબૂત બન્યું છે. પ્રવાસન સાથે જોડાયેલાં લોકોને પ્રત્યક્ષ અને પરોક્ષ રીતે રોજગારી પ્રાપ્ત થઈ રહી છે. જેના લીધે લોકોના જીવનધોરણના સ્તરમાં પણ વધારો થયો છે.

૫૩ દેશોના ૧૨૬ પતંગબાજો પતંગ સ્પર્ધામાં ભાગ લેશે જેમાં અલ્જિરિયા, આર્જેન્ટિના, ઓસ્ટ્રેલિયા, બહેરિન, બેલારુસ, બેલ્જિયમ, બલ્ગેરિયા, કંબોડિયા, કેમેરૂન, કેનેડા, ચીલી, કોલંબિયા, કોસ્ટા રિકા, ડેન્માર્ક, એસ્ટોનિયા, ફ્રાન્સ, બોનેર, સિન્ટ યુસ્ટેટિયસ એન્ડ સબા (ફ્રાન્સ), જ્યોર્જિયા, જર્મની, ગ્રીસ, ઈન્ડોનેશિયા, ઈરાક, ઈઝરાયલ, જોર્ડન, લેબેનોન, લિથુઆનિયા, મલેશિયા, માલ્ટા, મોરિશિયસ, મેક્સિકો, મોરક્કો, નેપાળ, નેધરલેન્ડ્સ, ન્યૂઝીલેન્ડ, પેલેસ્ટાઈન, ફિલિપિન્સ, પોલેન્ડ, પોર્ટુગલ, રશિયા, સિંગાપોર, સ્લોવેનિયા, દક્ષિણ આફ્રિકા, સ્પેન, શ્રીલંકા, સ્વિત્ઝર્લેન્ડ, યુ.કે, ટ્યુનિશિયા, વિયતનામ, ઝિમ્બાબ્વે, કોએશિયા, ઓમાન, સાઉદી અરેબિયા, ઈટાલી, ઈજિપ્ત વગેરે દેશોના સ્પર્ધકોએ પતંગ સ્પર્ધામાં ભાગ લીધો છે.

આ ઉપરાંત ૧૪ રાજ્યોના ૬૫ પતંગબાજો પતંગ સ્પર્ધામાં ભાગ લેશે તેમાં બિહાર, દિલ્હી, કર્ણાટક, કેરળ, મધ્યપ્રદેશ, મહારાષ્ટ્ર, ઓડિશા, પુડુચેરી, પંજાબ, રાજસ્થાન, સિક્કિમ, તેલંગાણા, ઉત્તર પ્રદેશ, ઉત્તરાખંડ સહિતનાં રાજ્યોના સ્પર્ધકો પતંગ સ્પર્ધામાં ભાગ લેશે.ગુજરાતના ૨૨ શહેરોના ૬૬૦ પતંગબાજો ભાગ લેશે

જો કોંગ્રેસ કેન્દ્રમાં આવશે તો પાર્ટી ઓબીસીના લાભ માટે બંધારણમાં સુધારો કરશે : કમલનાથ

ભોપાલ,તા.૮

કોંગ્રેસના વરિષ્ઠ નેતા અને પ્રદેશના પૂર્વ મુખ્યમંત્રી કમલનાથે કહ્યું કે જો તેમની પાર્ટી કેન્દ્રમાં આવશે તો અન્ય પછાત વર્ગ(ઓબીસી)ના લાભ માટે બંધારણ માટે સુધારો કરશે. કમલનાથનું નિવેદન પ્રદેશમાં વિધાનસભા ચુંટણી પહેલા ઓબીસી સમુદાયની વચ્ચે પોતાની પાર્ટીની સ્થિતિ મજબુત કરવાના સંદર્ભમાં જોવામાં આવી રહ્યું છે. પ્રદેશમાં ૨૦૨૩ના અંત સુધી વિધાનસભા ચુંટણી થનાર છે.મધ્યપ્રદેશ કોંગ્રેસ અધ્યક્ષે ભાજપ સરકાર પર રાજ્યમાં ઓબીસી સમુદાયને છેંતરપીડી કરવાનો પણ આરોપ લગાવ્યો

કોંગ્રેસના વરિષ્ઠ નેતા કમલનાથે સતનામાં ઓબીસી વર્ગના સંમેલનને સંબોધિત કરતા કહ્યું કે હું વચન આપું છું કે જ્યારે પણ અમારી સરકાર કેન્દ્રમાં આવશે ત્યારે અમે બંધારણીય સુધારો કરી અમારા પછાત વર્ગની યોગ્ય વસ્તી ગણતરી કરાવશે અને પછાત વર્ગને અનામતનો લાભ સુનિશ્ચિત કરાવશે. રાજ્યના પૂર્વ મુખ્યમંત્રીએ કહ્યું કે જ્યારે મધ્યપ્રદેશમાં (૧૮ ડિસેમ્બર ૨૦૧૮થી ૨૩ માર્ચ ૨૦૨૦ સુધી) અમારી સરકાર હતી ત્યારે મેં એવું કયું પાપ કર્યું હતું કે મે પછાત વર્ગને ૨૭ ટકા અનામત આપ્યું પરંતુ ભાજપની નીયત ખરાબ હતી ભાજપે પછાત વર્ગની સાથે છેંતરપીડી કરી અને મામલાને અદાલતમાં લઈ ગઈ

પોતાના મુખ્યમંત્રીના કાર્યકાળ તરફ ઈશારો કરતા કમલનાથે કહ્યું કે ત્યારે ૧૫ વર્ષ બાદ રાજ્યમાં કોંગ્રેસની સરકાર બની હતી જ્યારે હું મુખ્યમંત્રી હતો ત્યારે અમે સાફ નીયત અને નીતિનો પરિચય આપ્યો હતો તેમણે કહ્યું કે વર્ષ ૨૦૦૩થી લઈ અત્યાર સુધી ભાજપે ૧૮ વર્ષ શાસન કર્યું છે. ૧૮ વર્ષમાં અને ખાસ કરીને ગત ૩ વર્ષમાં પોતાના (ભાજપ) મધ્યપ્રદેશને શું આપ્યું.મુખ્યમંત્રી શિવરાજ સિંહ ચૌહાણે ૨૦,૦૦૦ જાહેરાતો કરી સ્માર્ટ સિટીના નામ પર કરોડોનું કૌભાંડ કર્યું આ સ્માર્ટ સિટીની નહીં આ સ્માર્ટ કૌભાંડની વાત છે.કમલનાથે આરોપ લગાવ્યો કે શિવરાજ સિંહ ચૌહાણ તો પોતે કહે છે કે હું (ચૌહાણ) તો જાહેરાત મશીન છું,શિવરાજ સિંહ ચૌહાણ જાહેરાત મશીન તો છે આ સાથે ખોટું બોલવાનું પણ મશીન છે.તે જો દિવસ ભર ખોટું ન બોલે અને કમલનાથની ટીકા ના કરે તો તેમનું ભોજન હજમ થતુ નથી

પૂર્વ મુખ્યમંત્રીએ કહ્યું કે કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીએ જ્યારે ભારત જોડો યાત્રા શરૂ કરી તો તેમણે કહ્યું હતું કે આ યાત્રાનું કોઈ રાજનીતિક લક્ષ્ય નથી આ યાત્રા તો દેશને જોડવાની સંસ્કૃતિને બચાવવાની યાત્રા છે કમલનાથે કહ્યું કે આપણે આઝાદી તો પ્રાપ્ત કરી લીધી પરંતુ જ્યાં સુધી આપણા દેશમાં યોગ્ય વસ્તીગણતરી થશે નહીં આપણા પછાત વર્ગની યોગ્ય ઓળખ થશે નહીં

છેલ્લા ૩ વર્ષમાં બીઆરટીએસ૧ને રૂ.૨૬૫ કરોડની ખોટ,પબ્લિક ટ્રાન્સપોર્ટમાં ફાયદો ન જોવાય : મેયર

એએમટીએસના માથે મનપાના રૂપિયા ૩ હજાર ૬૭૩ કરોડની લોનનું દેવું છે,

અમદાવાદ,તા.૮

અમદાવાદના લોકો પબ્લિક ટ્રાન્સપોર્ટ સિસ્ટમનો બહોળો ઉપયોગ કરી શકે તે માટે અમદાવાદમાં વર્ષ ૨૦૦૮માં બીઆરટીએસ બસ સેવા શરૂ કરવામાં આવી હતી. જેમાં અત્યારે કરોડો રૂપિયાની ખોટ થઈ રહી છે. અમદાવાદના નાગરિકો ટ્રાફિકમાં ફસાયા વિના એક સ્થળેથી બીજા સ્થળે ઝડપી પહોંચી શકે તે માટે બીઆરટીએસ જનમાર્ગ સેવા શરૂ કરવામાં આવી હતી. વર્ષ ૨૦૦૮-૦૯માં શરૂ થયેલી આ બસ સેવા હવે તંત્ર માટે બોજો સાબિત થઈ છે. છેલ્લા ૩ વર્ષમાં બીઆરટીએસને રૂપિયા ૨૬૫ કરોડની ખોટ થઈ છે. બીઆરટીએસની સાથે અમદાવાદમાં એએમટીએસ બસ સેવા પણ ખોટમાં ચાલી રહી છે. ત્યારે ખાનગીકરણ થયું હોવાથી બીઆરટીએસ ખોટમાં જતી હોવાનો આક્ષેપ વિપક્ષે કર્યો છે.

બીઆરટીએસ ખોટમાં ચાલવા મુદ્દે અમદાવાદ મહાનગરપાલિકાના વિપક્ષ ઉપનેતા નીરવ બક્ષીએ સત્તાપક્ષ પર આક્ષેપ કર્યા છે. તેમણે કહ્યું કે, 'ટ્રાસન્પોર્ટ સેવાનું ખાનગીકરણ કરી તંત્ર ખોટમાં આવ્યું છે.બીઆરટીએસખાનગી કોન્ટ્રાક્ટરોને સોંપતા જ મળતીયાઓ રૂપિયા કમાય છે.'

વિપક્ષના આક્ષેપનો જવાબ આપતા અમદાવાદના મેયર કિરીટ પરમારે કહ્યું કે, 'ટ્રાન્સપોર્ટ સેવા જનતા માટે હોય છે અને તે ખોટ ખાઈને પણ ચાલવવી પડતી હોય છે. જનતા માટે શરૂ કરવામાં આવેલી સેવામાં નફા-નુકસાનનું જોવાનું હોય નહીં.'

ઉલ્લેખનીય છે કે, એએમટીએસના માથે મનપાના રૂપિયા ૩ હજાર ૬૭૩ કરોડની લોનનું દેવું છે, ત્યારે બીઆરટીએસ પણ હવે ખોટ કરતી થવાથી ટ્રાન્સપોર્ટેશન પર બોજો વધશે.બીઆરટીએસની ખોટ વર્ષ ૨૦૨૧-૨૨માં રૂ ૧૦૭ કરોડ થઈ ત્રણ વર્ષમાં કુલ રૂ.૨૬૫ કરોડ પર પહોંચી ગઈ છે. એક તરફ તંત્ર પાસે તિજોરીમાં રૂપિયા નથી અને બીજી તરફ ખાનગીકરણ કરાયેલ ટ્રાન્સપોર્ટ સેવા ખોટ પર ખોટ કરી રહી છે.

કર્ણાટક: હિજાબ પર પ્રતિબંધથી સરકારી કોલેજોમાં મુસ્લિમ વિદ્યાર્થીઓની સંખ્યા અડધી થઈ

બેંગ્લુરૂ,તા.૮

કર્ણાટક હિજાબ વિવાદ વિરોધ બાદ મામલો હાઈકોર્ટમાં પહોંચ્યો હતો. કોર્ટે પોતાનો ચુકાદો આપ્યો હતો જેમાં કહ્યું કે હિજાબ ધાર્મિક રીતે ફરજિયાત નથી, તેથી તેને શૈક્ષણિક સંસ્થાઓમાં પહેરી શકાય નહીં.હિજાબ વિવાદ પર કર્ણાટક હાઈકોર્ટે આપેલા ચુકાદાની અસર થઈ હોય કે ન થઈ હોય, પરંતુ કર્ણાટકના ઉડુપી જિલ્લામાં તેની નોંધપાત્ર અસર જોવા મળી હતી. હિજાબ પર હાઈકોર્ટના આદેશ બાદ સરકારી કોલેજોમાં લઘુમતી વિદ્યાર્થીઓની સંખ્યામાં ૫૦ ટકાથી વધુનો ઘટાડો થયો છે. લોકો ખાનગી પીયુસીમાં શિફ્ટ થવા લાગ્યા છે.

એક ખાનગી ન્યુઝ એજન્સીના અહેવાલ મુજબ, કર્ણાટકના ઉડુપીની તમામ પ્રી-યુનિવર્સિટી કોલેજોમાં ધોરણ ૧૧માં પ્રવેશ કરનારા મુસ્લિમ વિદ્યાર્થીઓની સંખ્યા લગભગ સમાન છે (૨૦૨૧-૨૨માં ૧૨૯૬ અને ૨૦૨૨-૨૩માં ૧૩૨૦). જ્યારે સરકારી કોલેજોમાં તેમની સંખ્યા પાછલા વર્ષોની સરખામણીમાં અડધી થઈ ગઈ છે. આંકડા મુજબ ૨૦૨૧-૨૨માં ૩૮૮ મુસ્લિમ વિદ્યાર્થીઓએ સરકારી કોલેજોમાં એડમિશન લીધું હતું. જ્યારે ૨૦૨૨-૨૩માં માત્ર ૧૮૬ વિદ્યાર્થીઓએ સરકારી કોલેજોમાં પ્રવેશ લીધો છે.

તેમાંથી પણ જો આપણે જાતિ વિશે વાત કરીએ, તો આ આંકડો વધુ ચોંકાવનારો છે. ગયા વર્ષે (૨૦૨૧-૨૨) ૧૭૮ની સરખામણીમાં આ વર્ષે (૨૦૨૨-૨૩) માત્ર ૯૧ મુસ્લિમ છોકરીઓએ જ સરકારી કોલેજોમાં પ્રવેશ લીધો છે. તે જ સમયે, છોકરાઓની સંખ્યામાં પણ ઘટાડો નોંધાયો છે. ગયા સત્રમાં આ સંખ્યા ૨૧૦ હતી, જ્યારે આ સત્રમાં માત્ર ૯૫ હતી.આ વર્ષે ૯૨૭ વિદ્યાર્થીઓએ ખાનગી કોલેજોમાં પ્રવેશ મેળવ્યો છે. જ્યારે ગત વર્ષે ૬૬૨ મુસ્લિમ વિદ્યાર્થીઓએ ખાનગી કોલેજોમાં પ્રવેશ મેળવ્યો હતો. આ ઉપરાંત ખાનગી કોલેજોમાં મુસ્લિમ છોકરા-છોકરીઓના પ્રવેશમાં પણ ઉછાળો આવ્યો છે. ગયા વર્ષે ૩૩૪ની સામે આ વર્ષે ૪૪૦ છોકરાઓએ ખાનગી કોલેજોમાં પ્રવેશ લીધો હતો. બીજી તરફ જો છોકરીઓની વાત કરીએ તો ગત વર્ષે ૩૨૮ છોકરીઓએ ખાનગી કોલેજોમાં એડમિશન લીધું હતું, જ્યારે આ વર્ષે ૪૮૭ મુસ્લિમ યુવતીઓએ ખાનગી કોલેજોમાં એડમિશન લીધું છે.

કર્ણાટકમાં હિજાબ વિવાદ ૩૧ ડિસેમ્બર ૨૦૨૧ના રોજ ઉડુપીથી શરૂ થયો હતો. અહીંની સરકારી કોલેજમાં હિજાબ પહેરીને આવેલી ૬ વિદ્યાર્થીનીઓને ક્લાસમાં આવવાથી અટકાવવામાં આવી હતી. આ પછી કોલેજની બહાર દેખાવો શરૂ થયા અને મામલો ચર્ચામાં આવ્યો હતો. વિદ્યાર્થિનીઓએ કહ્યું હતું કે તે માત્ર હિજાબ પહેરીને જ સ્કૂલમાં આવશે, પરંતુ કોલેજ પ્રશાસને તેની મનાઈ કરી હતી.ઘણા દિવસોના વિરોધ બાદ મામલો હાઈકોર્ટમાં પહોંચ્યો હતો. હાઈકોર્ટે કહ્યું કે હિજાબ ધાર્મિક રીતે ફરજિયાત નથી, તેથી તેને શૈક્ષણિક સંસ્થાઓમાં પહેરી શકાય નહીં. કોર્ટે સરકારને આદેશ પસાર કરવાનો અધિકાર પણ આપ્યો હતો. પરંતુ આ મામલો અહીં જ ન અટક્યો, સુપ્રીમ કોર્ટમાં પહોંચ્યો. આ કેસની સુનાવણી પણ અહીં થઈ હતી. સુપ્રીમ કોર્ટની બે જજની બેન્ચે વિભાજિત ચુકાદો આપ્યો હતો.

બે વારની કોમનવેલ્થ ગેમ્સ ચેપિયન સંજીતા ચાનુ સહિત ૪૭ એથલીટ્સ ડોપ ટેસ્ટમાં ફેલ

નવીદિલ્હી,તા.૮

બેવારના રાષ્ટ્રમંડલ ખેસોની સ્વર્ણ પદ વિજેતા ખુમુક્ચમ સંજીતા ચાનુ ડોપ ટેસ્ટમાં નિષ્ફળ રહી છે.સંજીતા ચાનુને રાષ્ટ્રીય ડોપિંગ રોધી એજન્સી (નાડા) દ્વારા અસ્થાયી રીતે બરતરફ કરી દેવામાં આવ્યા છે. નાડા તરફથી જારી નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે મણિપુરની વેટલિફ્ટરને પ્રતિબંધિત પદાર્થ ડ્રોસ્તાનોલોન મેટાબોલાઇટના ઉપયોગ માટે બરતરફ કરી દેવામાં આવ્યા છે.

નાડા તરફથી જારી નવી યાદીમાં ૧૭ નવા નામ જોડવામાં આવ્યા છે બરતરફ ખેલાડીઓમાં એથલેટિક્સ અને ભારોત્તોલનના ખેલાડીઓની સંખ્યા સૌથી વધુ છે.બરતરફ ૪૭ ખેલાડીઓમાંથી એથલેટિક્સના ૧૨ અને ભારતોલનમાં ૧૧ ખેલાડી(કુલ ૨૪) સામેલ છે.

આ યાદીમાંસ્પ્રિટર્સ ધનલક્ષ્મી સેકર એમ વી જિલના અને લોન્ગ જમ્પર એશ્વર્યા બાબુના નામ પણ સામેલ છે યાદીમાં ૬ પહેલવાન પણ સામેલ છે.જેમાંથી મોટાભાગને સ્ટેરોયડનો ઉપયોગ કરવા માટે બતરફ થયા છે. વિશ્વ ડોપિંગ રોધી એજેન્સી અનુસાર રશિયા અને ઇટાલી બાદ ડોપિંહ નિયમોનો ભંગ કરનારાઓની સંખ્યામાં ભારત ત્રીજા સ્થાન પર છે.રાષ્ટ્રીય રોધી એજન્સી (નાડા) અનુસાર ૨૦૧૦થી ૨૦૨૨ સુધી ૧૨ વર્ષોની મુદ્દત માટે કુલ ૧,૧૮૧ એથલીટ ડોપ પરીક્ષણમાઉઉં નિષ્ફળ રહ્યાં છે.

સંજીતા ચાનુએ ૨૦૨૪ ગ્લાસગો કોમનવેલ્થ ગેમ્સ અને ૨૦૧૮ ગોલ્ડકોસ્ટ કોમનવેલ્થ ગેમ્સમાં ગોલ્ડ મેડલ જીત્યુ હતું સંજીતા ચાનુએ ૩૦ સપ્ટેમ્બર ૨૦૨૨ના રોજ અમદાવાદમાં થયેલ રાષ્ટ્રીય ખેલોમાં ૪૯ કિલો ભાર વર્ગમાં ભાગ લીધો હતો તે સ્પર્ધામાં મીરાબાઇ ચાનુએ ૧૯૧ કિલો ભાર ઉઠાવી સ્વર્ણ પદક જીત્યો હતો.જ્યારે ૧૮૭ કિલો વજન ઉઠાવનાર સંજીવ ચાનુને રજત પદકથી સંતોષ કરવો પડયો હતો. તે સ્પર્ધા દરમિયાન નાડાએ સંજીતાનું સેમ્પલ લીધો હતું સંજીતાના સેમ્પલમાં સ્ટેરાયડ જણાવ્યું હતું રિપોર્ટનું માનવામાં આવે તો સંજીતાનું બી સેંપલનું પરીક્ષણ પણ એ સેંપલ જેવું જ આવ્યું છે.આ પહેલી વાર નથી જ્યારે સંજીતા પર ડોપિંગનો આરોપ લગાવવામાં આવ્યો છે.

દિલ્હીમાં ૧૦૦થી વધુ આફ્રિકનોએ પોલીસ સ્ટેશનને ઘેર્યું:ઓફિસરો સાથે બાથ ભીડી સાથીઓને છોડાવીને લઈ ગયા

નવીદિલ્હી,તા.૮

દિલ્હીમાં શનિવારે રાત્રે એક અજીબોગરીબ ઘટના જોવા મળી હતી. જેમાં આફ્રિકન મૂળના ૩ નાગરિકોને પોલીસે કસ્ટડીમાં લીધા હતા. ત્યારે ૧૦૦થી પણ વધુ આફ્રિકન મૂળના લોકોએ પોલીસ સ્ટેશનમાં જઈને પોતાના ૩ સાથીઓને પોલીસ સ્ટેશનમાંથી છોડાવવા માટે ઑફિસર્સથી લડ્યા હતા. અને પોતાના સાથીઓને છોડાવ્યા હતા. સાઉથ દિલ્હીમાં પોલીસે રાજુ પાર્ક વિસ્તારમાંથી ૩ આફ્રિકી નાગરિકોને પકડી લીધા હતા. કારણ કે તેઓના વિઝા એક્સપાયર થઈ ગયા હતા. છતાં તેઓ ભારતમાં રહેતા હતા.

રિપોર્ટ મુજબ, સાથીઓને છોડાવવા માટે ૧૦૦થી પણ વધુ આફ્રિકન નાગરિકોએ પોલીસ ચોકીને ઘેરી લીધી હતી. આ લોકોએ પોલીસ સાથે લડીને પોતાના સાથીઓને પોલીસની કસ્ટડીમાંથી છોડાવ્યા હતા. જોકે આ ૩ નાગરિકોમાંથી એકને પોલીસે ફરી પકડી લીધો હતો. પોલીસે આ મામલે લિગલ એક્શન લેવાની તૈયારી કરી લીધી છે.જ્યારે તે ત્રણમાંથી એકને પકડ્યો હતો, ત્યારે ટોળું ફરીથી પોલીસ સ્ટેશને પહોંચ્યું હતું. જોકે પછીથી પોલીસે ત્રણ આરોપીઓમાંથી એક ફિલિપ નામના વ્યક્તિને ફરીથી પકડી લીધો હતો. આ પછી, નેબ સરાય પોલીસ સ્ટેશન અને નાર્કોટિક્સ સ્ક્વોડની ટીમે આ વિસ્તારમાંથી અન્ય ચાર લોકોની ધરપકડ કરી હતી. આફ્રિકન મૂળના ૧૦૦ લોકો ફરીથી પોલીસ સ્ટેશનમાં એકઠા થયા હતા, પરંતુ પોલીસ કોઈ રીતે પરિસ્થિતિને કાબૂમાં લેવામાં સફળ રહી હતી

રામમંદિર નિર્માણની તારીખ સાધુ સંતોએ જાહેર કરવી જોઈએ: ખડગે

નવી દિલ્હી,તા.૮

અયોધ્યામાં રામમમંદિર નિર્માણ આગામી વર્ષે ૧લી જાન્યુઆરીએ પૂર્ણ થવાની જાહેરાત કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે કરી છે. આ બાબતને લઈને કોંગ્રેસના રાષ્ટ્રીય અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેએ અમિત શાહ પર નિશાન તાક્યું છે. ખડગેએ કહ્યું કે રામમંદિર નિર્માણ પૂર્ણ થવાની તારીખની જાહેરાત અમિત શાહે નહિ સાધુ-સંતોએ કરવી જોઈએ.

આ સાથે ખડગેએ પ્રશ્ન કર્યો કે શું અમિત શાહ રામમંદિરના પૂજારી છે, જે આવી જાહેરાત કરી રહ્યા છે. તેમણે એમ પણ કહ્યું કે ગૃહમંત્રી તરીકે અમિત શાહનું જે કર્તવ્ય છે, તેના પર તેમણે ધ્યાન આપવું જોઈએ. કોંગ્રેસની ભારત જોડો યાત્રા હેઠળ આયોજિત એક જાહેરસભાને સંબોધિત કરતા મલ્લિકાર્જુન ખડગેએ આરોપ લગાવ્યો કે ભાજપ દ્વારા લાલચ આપી અને તપાસ એજન્સીઓનો દુરુપયોગ કરીને ચૂંટાયેલી સરકારો અસ્થિર કરવામાં આવી રહી છે.

તંત્રી સ્થાનેથી...

૨૦૨૩માં ભારતીય અર્થતંત્રનો વિશ્વમાં વાગશે ડંકો

જાન્યુઆરીમાં આંતરરાષ્ટ્રીય નાણાં ભંડોળે પોતાના રિપોર્ટમાં કહ્યું છે કે ૨૦૨૩ વૈશ્વિક અર્થવ્યવસ્થા માટે કપરૂ વર્ષ રહેશે. વૈશ્વિક વિકાસ દર ઘટશે પરંતુ ભારતની અર્થવ્યવસ્થા ૬.૧ ટકાના વિકાસ દરે આગળ વધશે. સેન્ટર ફોર ઇકોનોમિક્સ એન્ડ બિઝનેસ રિસર્ચ (સીઇવીઆર) યુકેએ ૨૦૨૩ માટે ભારતના વિકાસ દરનો અંદાજ ૬.૫ ટકા મૂક્યો છે. આ જ રીતે ૧ જાન્યુઆરીએ પ્રકાશિત ભારતીય ઉદ્યોગ જગતના પ્રમુખ ૩૫ મુખ્ય કાર્યાધિકારીઓ (સીઇઓ)ના એક સર્વેક્ષણમાં પણ ખુલાસો થયો છે કે ભારતીય અર્થવ્યવસ્થા વિશ્વની તુલનામાં ઝડપથી વૃદ્ધિ પામશે. નવા વર્ષમાં ભારતીય અર્થતંત્રમાં રોકાણ અને રોજગાર વધશે તથા અર્થતંત્ર પોતાનું મજબૂત ક્ષમતા અને મજબૂત આર્થિક માળખાને કારણે દુનિયામાં સૌથી ઝડપથી વિકાસ પામનારી અર્થવ્યવસ્થા બની રહેશે.

તેમાં કોઇ બેમત નથી કે દુનિયાની આર્થિક પરિદૃશ્ય પર ચીનમાં હાહાકાર મચાવી રહેલ કોરોના વાયરસના નયા વેરિયન્ટ ઓમિક્રોન બીએફ-૭ના કારણે દુનિયામાં કોરોનાથી નવી ચિંતાઓ અને અમેરિકી મૌદ્રિક નીતિ, વધતા વૈશ્વિક દેવા અને ભૂ રાજકીય પરિસ્થિતિઓથી વૈશ્વિક મંદીની આશંકાઓને પગલે પડકારો ઉભા થયેલા જોવા મળી રહ્યાં છે. જો કે આ બધા વૈશ્વિક આર્થિક ઘટકો ભારતને પણ અનેક પ્રકારે પ્રભાવિત કરશે પરંતુ ગયા વર્ષે ૨૦૨૨માં ભારતીય અર્થવ્યવસ્થાના દમખમની સાથે આગળ વધવાના આધાર ૨૦૨૩માં પણ ભારતની મુઠ્ઠીમાં હશે. સાથે જ ૨૦૨૩માં જી-૨૦ની અધ્યક્ષતા ભારતીય અર્થતંત્રને ૨૦૨૩માં આગળ વધારવાનો વધુ એક આધાર આપતી જોવા મળશે.

ઉલ્લેખનીય છે કે તાજેતરમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ મન કી વાતના પ્રસારણમાં કહ્યું હતું કે હાલ ભારત પાંચમી સૌથી મોટી વૈશ્વિક અર્થવ્યવસ્થા બની ગયું છે. ૨૦૨૨માં દેશમાં ૨૨૦ કરોડથી વધારે કોરોના ડોઝ આપવામાં આવ્યા. હવે ૨૦૨૩માં જી-૨૦ની અધ્યક્ષતા ભારત માટે ગર્વની વાત છે અને નવા વર્ષમાં ભારતીય અર્થતંત્ર આગળ વધવાની સંભાવનાઓ જોવા મળી રહી છે. વસ્તુતઃ ૨૦૨૨એ ઉદ્યોગ-કારોબાર અને સેવા માટે દમદાર વાપસીની જમીન તૈયાર કરી દીધી છે. ગયા વર્ષે લગભગ દર મહિને બજારોમાં ગ્રાહકોની માંગમાં તેજી, ઉદ્યોગ-કારોબાર ગતિવિધિઓમાં સારા પ્રદર્શનના અનુમાનથી સારા રાજકોષીય પરિણામોને કારણે ગુડ્સ એન્ડ સર્વિસ ટેક્સ (જીએસટી) કલેક્શનમાં વધારો થયો. ડિસેમ્બર ૨૦૨૨માં રૂા. ૧.૪૯ લાખ કરોડનું જીએસટી કલેક્શન થયું. ડિસેમ્બર મહિનામાં જીએસટી કલેક્શન ડિસેમ્બર ૨૦૨૧ની તુલનામાં ૧૫ ટકા વધારે રહ્યું છે. ૨૦૨૩માં જીએસટી કલેક્શન વધવાની સંભાવના રહેશે. ૨૦૨૩માં ભારતીય રિઝર્વ બેંક દ્વારા ભારત અને અન્ય દેશો વચ્ચે વ્યાપારિક સોદાઓની પતાવટ રૂપિયામાં કરવા સંબંધી મહત્વપૂર્ણ નિર્ણયો લાગુ થતા જોવા મળશે. આરબીઆઇ દ્વારા ભારત અને અન્ય દેશો વચ્ચે વ્યાપારિક સોદાઓ રૂપિયામાં કરવા સંબંધી નિર્ણય બાદ હાલ ડોલર સંકટનો સામનો કરી રહેલા રશિયા, ઇન્ડોનેશિયા, શ્રીલંકા, ઇરાન, એશિયા અને આફ્રિકા સાથે વિદેશી વેપાર માટે ડોલરને બદલે રૂપિયામાં ચૂકવણીને પ્રોત્સાહન આપવાની નવી સંભાવનાઓ ૨૦૨૩માં સામે ઉભેલી જોવા મળી રહી છે. ઉલ્લેખનીય છે કે ૧ નવેમ્બર, ૨૦૨૨થી રિઝર્વ બેંક ઓફ ઇન્ડિયા (આરબીઆઇ)એ દેશમાં ડિજિટલ રૂપિયાના નવા યુગની જે પ્રાયોગિક શરૂઆત કરી છે તે નવા વર્ષમાં વિસ્તારિત થતી જોવા મળશે. ૨૦૨૩માં ભારત મુક્ત વેપાર સમજૂતી (એફટીએ) દ્વારા વિકાસના માર્ગ પર ઝડપથી આગળ વધતા જોવા મળશે. ૨૦૨૨માં ૧ મેથી સંયુક્ત આરબ અમીરાત (યુએઇ) સાથે અને ૨૯ ડિસેમ્બરથી ઓસ્ટ્રેલિયા સાથે એફટીએ લાગુ થઇ ચૂકી છે. ૨૦૨૩માં રોકાણની દૃષ્ટિએ ઉન્નત અર્થવ્યવસ્થાઓ ધરાવનારા દેશોની તુલનાએ ભારતમાં ઇક્વિટી અને ડેટ બન્ને મામલે સારા પરિણામો સંભવિત હશે. ૨૦૨૨માં વૈશ્વિક સુસ્તી વચ્ચે પણ ભારતના શેર બજારે સારા પરિણામો આપ્યા છે અને ૫ જાન્યુઆરી, ૨૦૨૩એ સેન્સેક્સ ૬૦૩૫૩ની આસપાસ કેન્દ્રિત જોવા મળ્યું. ભારતનો શેરબજાર ૨૦૨૩માં વધારે ઊંચાઇએ પહોંચતો જોવા મળશે.

મહારાષ્ટ્રમાં ક્રૂર માતાએ પોતાની ત્રણ દિવસની દીકરીને રૂમાલ વડે ગળું દબાવી મોતને ઘાટ ઉતારી

મુંબઇ,તા.૮

સામાન્ય રીતે જીવનના બધા સબંધોમાંથી માતાનો સબંધ સર્વોપરી હોય છે. એવુ કહેવાય છે કે જો ગણવા જઈએ તો પણ માતાનો સંબંધ અન્ય સંબંધ કરતાં પણ નવ મહિના વધુ રહે છે. સાથે એક કહેવત છે કે બાળક અયોગ્ય હોઈ શકે છે, પરંતુ માતા ક્યારેય કુમાતા બની શકતી નથી. આપણા કોઈ પણ પુસ્તકોમાં માતા કુમાતા હોઈ શકે એવું નથી લખ્યું. પરંતુ વાસ્તવમાં આવું પણ બને છે. મહારાષ્ટ્રના લાતુરમાં એક માતાને પુત્ર જોઈતો હતો. પરંતુ આ ઈચ્છા પૂરી ના થતા. પહેલી દીકરી પછી તેને બીજી દીકરી પણ થઈ. તો તેને ક્રોધમાં આવીને તેણે તેની ત્રણ દિવસની બાળકીનું રૂમાલ વડે ગળું દબાવી દીધું. એ માસૂમ બાળકનો વાંક માત્ર એટલો જ હતો કે તે આ દુનિયામાં દિકરા તરીકે નહીં પણ દીકરી બનીને જન્મ લીધો હતો. આ ક્રૂર માતાનું નામ રેખા કિસન ચૌહાણ છે. તે ઉસ્માનાબાદ જિલ્લાના લોહારા તહસીલના હોળી વિસ્તારની રહેવાસી છે, જે અત્યારે લાતુરના એક ટાઉનશીપમાં રહે છે. આ માતાની ઉંમર માત્ર ૨૫ વર્ષ છે. જે એક માતા હોવા છતા પણ આવી ક્રૂરતા કરતા પહેલા એક પણ વિચાર કર્યો ન હતો.

૨૭ ડિસેમ્બરેના દિવસે પ્રસૂતિની પીડા થતાં જ રેખાને લાતુરના વસંતનગર ટાંડાના કટગામ નજીકના પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં દાખલ કરવામાં આવી હતી. આ દિવસે તેણે એક દિકરીને જન્મ આપ્યો હતો. પરંતુ બીજી વખત પણ પુત્રીનો જન્મ થવાથી રેખા કિસન ચૌહાણનું હૃદય ઉદાસ થઈ ગયું હતું જેના કારણે તેને ગુસ્સામાં આવીને ૨૯ ડિસેમ્બર ૨૦૨૨ના રોજ તેણે પોતાની ત્રણ દિવસની ફૂલ જેવી દિકરીને રૂમાલથી ગળું દબાવીને મારી નાખી હતી. જ્યારે પોલીસે તપાસ કરી અને પૂછપરછ કરી, ત્યારે તેમને શંકા હતી કે માતાએ બાળકની હત્યા કરી છે. પૂછપરછ સમયે તરત જ રેખાએ તેનો અપરાધ સ્વીકારી લીધો હતો. તેના વિરુદ્ધ પોલીસ સ્ટેશનમાં હત્યાનો કેસ નોંધીને તેની ધરપકડ કરવામાં આવી છે.

પશ્ચિમ બંગાળમાં ગંગાસાગર મેળાની તૈયારીઓ પુરજોશમાં ચાલી રહી છે.

કોલકતા,તા.૮

ગંગાસાગર મેળાની તૈયારીઓ શોરશોરથી ચાલી રહી છે મકરસંક્રાંતિ પર સ્નાન પર એકત્રિત થનારી ભીડને કોઇ મુશ્કેલી ન થાય તેનો ખ્યાલ રાખવા મોટાપાયા પર તૈયારીઓ ચાલી રહી છે.તૈયારીઓની સમીક્ષા લેવા ખુદ મુખ્યમંત્રી મમતા બેનર્જી ૨ જાન્યુઆરીએ ગંગાસાગર જશે. બ્લ્યુ અને સફેદ રંગ પશ્ચિમ બંગાળ સરકાર એટલે કે મુખ્યમંત્રીનો પસંદગીનો રંગ છે. માર્ગો પર લાગેલ ગ્રિલ અને સરકારી ઈમારતો ત્યાં સુધી કે પાણીના જહાજોને પણ બ્લ્યુ સફેદ રંગેથી રંગવાનું કામ અંતિમ તબક્કામાં છે.લિલુઆના ટીએમસીના નેતા સુમિત સિંહ કહે છે કે મમતા દીદી પણ બ્લ્યુ બોર્ડરની સફેદ સાડી પહેરે છે.તેમને આ પસંદ છે.તેમણે જાહેરાત પણ કરી છે કે જો ખાનગી મકાન પણ બ્લ્યુ સફેદથી રંગાવશે તેમના મકાનના ટેક્સમાં રાહત આપવામાં આવશે

ગંગાસાગર સ્નાન મહાકુંભ સ્નાન બાદ બીજુ મહત્વપૂર્ણ સ્નાન માનવામાં આવે છે.અહીં જળ માટી અને અંતરિક્ષમાં પણ મોક્ષ મળે છે. સનાતન ધર્મના પુરાણોમાં અહીં સ્નાનનું અલગ મહત્વ બતાવવામાં આવ્યું છે.અહીં ગંગા ઉત્તરાખંડના ગૌમુખથી નિકળી સાગરમાં મળે છે.અહીં સાગર અને ગંગાનું મિલન સ્થાન છે.આથી મિલન તીર્થના નામથી પણ બંગાળના લોકો જાણે છે.

બંગાળ સરકાર આ તીર્થ પર ખુબ ધ્યાન આપી રહી છે સુવિધાઓના કારણે વર્ષોથી યાત્રી સ્નાન દર્શન પુજન માટે આવે છે આઠ દસ સ્ટીમર રાત દિવસ મકરસંક્રાંતિ પર યાત્રીઓને તે પાર અને આ પાર લાવે છે અને લઇ જાય છે.સ્ટીમરોની સંખ્યા વધારવામાં આવશે સ્ટીમર ચાલક અમિતકુમારે કહ્યું કે પહેલા મકરસંક્રાંતિ પ્રસંગ પર જ તમામ વ્યવસ્થા કરવામાં આવતી હતી આથી કહેવામાં આવે છે કે સારે તીર્થ બારબાર ગંગા સાગર એક બાર .

આઝાદીની શતાબ્દીની ઉજવણીએ સિંગતેલના ભાવ કંઈ સપાટી સર કરશે??

અગાઉના વરસોમાં કોઇ મજબુત હરીફ ન હોવાના લીધે અને ઈજારાશાહી હોવાથી એમ્બેસેડર , સિંગતેલ અને ટેલિફોન ખાતાની બોલબોલા હતી. રાજકારણમાં પણ ટીના(ટીના મુનિમ નહીં.પણ ધેર ઈઝ નો એલ્ટરનેટીવ= ટીના) ફેક્ટર હતું. વરસો સુધી કોંગ્રેસનું આધિપત્ય હતું. એના નામે લાઇટના થાંભલાને ચૂંટણીમાં ઉભો રાખવામાં આવે તો થાંભલો પ્રચંડ બહુમતીએ ચૂંટાઈ આવતા હતા.સામેના ઉમેદવાર ડિપોઝીટ જમ કરાવવા કે હારવા માટેના રેકર્ડ બનાવવા ઊભા રહેતા હતા.

એ જમાનામાં ટેલિફોન ખાતામાં લાઈનમેનની નોકરી કરતા બાબુનો વટ ચીફ સર્કલ મેનેજર જેવો રહેતો.આજના મોબાઈલો જન્મ્યા ન હતા. પ્રિયદર્શીની નામે ઓળખાતા ઈંટના વજન કરતા વધુ વજનના કાળા કલરના ટેલિફોનના ડબલા ઘરના ડ્રોઈંગ રૂમમાં હોય તો પ્રેસ્ટિજ ગણાતી. આ ડબલામાં ૦ થી ૯ નંબરના આંકડા ઘુમાવવા ગોળ કાણાંમાં આંગળીઓ ઘુમાવવી પડતી. વારંવાર આંગળા ઘુમાવવાનો લીધે આંગળીઓ પર બામ ઘસવું પડતું.ગામમાં મહોલ્લામાં એકલદોકલ ફોન હોય. ઈનકમિંગ ફોન માટે માનો કે મિનિ ટેલિફોન એક્સચેન્જ ગણાય.

એ સમયે ઓપરેટર માનો કે સૂર્ય હોય એને બાકીના બધા તેના તારામંડળ અગર ગ્રહ હોય તેમ ઓપરેટરની આગળપાછળ ફરતા હતા. તે સમયે ગામમાં કોઈ સાથે વાત કરવી હોય તો ટેલિફોન એક્સચેન્જને વિનંતી કરવી પડતી. ધંધાર્થી કે વેપારીને ટોચ અગ્રતાના ધોરણે વાત કરવાની જરૂરિયાત થાય તો ટેલિફોન એક્સચેન્જમાં જઈ ઓપરેટરની હથેળી ગરમ કરો એટલે યમરાજ તો ગમે તેની જિંદગીની લાઈન ટુંકાવી ન શકે પણ ઓપરેટર ગમે તેની ચાલુ લાઈનનો છેડો બોર્ડમાંથી કાઢી બીજી લાઈનનો છેડો ભરાવીને વાતો કરાવી દે!!

એ સમયમાં બીજા સ્થળે વાત કરવા ટેલિફોનએક્સચેન્જમાં ટ્રંકકોલ નોંધાવવા પડતા. જનરલ, અર્જન્ટ અને લાઈટનિંગ એવા ટ્રંકકોલના પ્રકાર રહેતા. લાઈટનિંગ કોલ નોંધાવો એટલે હાયર ઓથોરિટીનુ નામ આપવું પડતું . એરા ગેરા નથ્થુ ગેરા-બાબુ લાઈટનિંગ કોલ બુક કરાવી શકતો નહીં!!

એમ્બેસેડર, ફિયાટ એમ વાહનોમાં બે ઓપ્શન રહેતા. એમ્બેસેડર હોય એ તો લાટ સાહેબ હોય. એમ્બેસેડર મજબુત, ખડતલ અને ડયુરેબલ કાર ગણાતી. મોટા ભાગના ચલચિત્રોમાં કારની બાકીના કાચ ખુલ્લા જોયા હશે. કારણ કદી વિચાર્યું નહીં હોય. કેમ કે, એ ખટારા ગાડીમાંતે સમયે એસીની ફેસિલીટી ન હતી. કાચ બંધ કરે તો ખમણની માફક બફાઈ જવાય!!! મારુતિ વગેર કારના મોડલ બજારમાં આવ્યા પછી મજાકમાં કહેવાતું કે ફરવું તો એમ્બેસેડરમા અને મરવું તો મારુતિમાં!!!

સિંગતેલ એ તેલોનો વજીર ગણાય. એ સમયે તલનું તેલ આરોગ્યના દ્રષ્ટિકોણથી શ્રેષ્ઠ ગણાતું. બધા લોકો તલનું તેલ અગર સિંગતેલ વાપરતા હતા. કપાસિયા તો ઢોરને ખવડાવવામાં આવતા.બજાર સોયાબીન તેલ, પામોલીન, સરસિયુ, કપાસિયા તેલ, રાઈસ બ્રોસ્નન વગેરે કેટલાય પ્રકારના તેલોથી છલકાઈ ગયું. દરેક તેલ અન્ય તેલથી અલગ છે, હેલ્થ માટે ઉત્તમ છે, કોલસ્ટ્રોલ, કાર્બોહાઈડ્રેટ ઘટાડે છે તેવા દાવા કરે છે. અગાઉ કદડા જેવું ડખળું તેલ આવતું. પછી ફિલ્ટરોની ભરમાર ચાલુ થઈ . સિંગલ, ડબલ , માઈક્રો ફિલ્ટર સુધી ગાડી આવી છે.

સિંગતેલ રાજકારણ માટેનું શસ્ત્ર-અસ્ત્ર છે. સિંગતેલમાં પાંચ રૂપિયો જેવો ભાવ વધે કે ભાવ વધારા સામે થાળી વેલણ વગાડવા, ધરણા ધરવા, દેખાવો કરવા, પાણીમાં ભજિયા તળવા જેવા આશ્ચર્યજનક કાર્યક્રમો થતા. સિંગતેલને લીધે સરકારો ગબડી જતી કે સરકારના માથે માછલાં ધોવાતા. સરકારોએ સંગતેલમાં નફાનું બાંધવું, ભાવમાં બાંધણા, સ્ટોક બાંધણા વગેરે બાંધણા કર્યા પણ તેલના ભાવો રોકેટ ગતિએ વધતા રહ્યા.

હવે સિંગતેલનો વપરાશ ક્રમશઃ ઘટી રહ્યો છે અને રાજ્યની કુલ વસ્તીના ચાર ટકા સિંગતેલનો વપરાશ કરે છે તેવું નિર્લજ્જપણે કહેવાયું છે. સિંગતેલના તળવમાં ડૂબવાનું નથી એવું પણ કહેવામાં આવ્યું છે. ફ્રાન્સના રાજા લૂઇ ૧૬ માંની ખાઉધરી રાણી મેરી આંત્વાઇને પ્રજા પાસે ખાવાનું નથી તેવી રજૂઆત કરવા ગયેલ પ્રજાને રોટલી ન મળે તો કેક ખાવાની સુફિયાણી સલાહ આપી હતી, તેમ પ્રજાને ખાદ્યતેલની પેટર્ન બદલવા સલાહ આપવામાં આવે છે!!

સિંગતેલના વધતા ભાવો સૌ માટે શિરદર્દ બની રહ્યા છે. વાસ્તવમાં સિંહતેલના ભાવો નાસૂર બની ચૂભે છે.

પેટ્રોલના આવે સદી નોંધાવી, ડીઝલના ભાવે સદી નોંધાવી,ઘરેલું રાંધણ ગેલે હજારની મેજીકલ સપાટી મેળવી, કોમર્શિયલ સિલિન્ડરે અઢી હજાર પાર કર્યા, ડોલર સામે રૂપિયાએ ૮૦ આઝાદી બાદનો વિક્રમ નોંધાવ્યો, ડુંગળી, ટામેટા, તુવેરદાળ, લીંબુના ભાવમાં આગઝરતી તેજી નોધાવી તો સિંગતેલ કેવી રીતે ઝાલ્યું રહે? આઝાદીના અમૃત મહોત્સવની ઉજવણીને શાનદાર બનાવવા આઝાદ ભારતના ઈતિહાસમાં તેલનો ડબ્બો ત્રણ હજાર રૂપિયે પહોંચ્યો છે! હવે સાલી ચિંતા એ થાય છે કે આઝાદીની શતાબ્દીની ઉજવણીએ સિંગતેલના ભાવ કઈ સપાટી સર કરશે તેની ચિંતા પેઠી છે!!

ભરત વૈષ્ણવ

૨૬.૮.૨૦૨૨.ઈ હાસ્યલેખ

કર્મ ખમાવ્યા!!!

શીરા માટે,
શ્રાવક થવું ,
એમ કહેવાય છે.
અપરિગ્રહ એ,
જૈન ફિલોસોફીનો,
મૂળભૂત અને પાયાનો સિધ્ધાંત છે.!!
ઘરે,
ચૂલો ટાઢો રાખવાના,
આંતરરાષ્ટ્રીય કાર્યક્રમ જાહેર થયો.
હવે તો નોન કૂકીંગ ડે,
વચ્ચે 'કૂકીંગ ડે'ની,
ઉજવણી કરવાનો,
સમય આવી ગયો છે!!!
સૌ જૈન ,
ભોજનશાળાએ,
ખાબક્યા!!
કાઉન્ટર પર,
પ્રથમ નંબરે
મીઠાઈમાં,
સીતાફળ બાંસુદી.
પિરસનારે પોણી વાટકી ભરી.
અમે લોભ કર્યો.
વાટકી પૂરી ભરવા કહ્યું!!
વાટકી ભરાયા પછી,
થાળી ખાલી હોવાથી,
બાંસુદીની વાડકીએ
થાળીના એક છેડેથી,
બીજા છેડે સ્કેટિંગ કર્યું.
થાળીના બીજા છેડે,
વાટકી ભટકાઈ.
વાટકીમાં રહેલી,
બાસુંદી ઢોળાઈ.
થોડીક જમીન પર,
થોડીક કપડા પર.
ચાલો સારું થયું કે,
કપડાંને પણ બાંસૂદી,
આરોગવી મળી.
અમે થાળીમાં જોયું,
પિરસનારે અગાઉ પિરસેલી હતી,
તેના દોરાવા બાસુંદી ઓછી થઈ.
પરિગ્રહની ઈન્સ્ટન્ટ પનીશમેન્ટ મળી!!
સંચિત કર્મો ખમાવાઈ ગયા!!
બોલો,
ઓમ નમો અરિહંતાણમ્!!!?
જૈનમ્ જયતિ શાસનમ??

ભરત વૈષ્ણવ....૮.૧.૨૦૨૩

હિમાચલઃ એક મહિનાની રસાકસી બાદ આખરે કેબિનેટનું ગઠન થયું

શિમલા,તા.૮

હિમાચલ પ્રદેશમાં આખરે એક મહિનાની રાહ જોયા બાદ કેબિનેટનું ગઠન થઈ ગયું છે. શિમલામાં રાજભવનમાં રવિવારે સવારે કેબિનેટ મંત્રીઓએ શપથ લીધા હતા.પ્રાપ્ત વિગતો અનુસાર જોઈએ તો, હિમાચલ રાજભવનમાં લગભગ ૧૦ વાગે કેબિનેટના મંત્રીઓએ શપથગ્રહણ કર્યા હતા. સૌથી પહેલા ડોક્ટર ધની રામ શાંડિલ્યે શપથ લીધા હતા. તેઓ સોલનથી ધારાસભ્ય બન્યા છે. ત્યાર બાદ કાંગડાના જ્વાલીથી ધારાસભ્ય ચંદ્ર કુમારે મંત્રી પદના શપથ લીધા હતા. તેઓ છ વાર ધારાસભ્ય રહ્યા છે. ત્યાર બાદ સિરમૌરથી શિલાઈ હર્ષવર્ધને શપથ લીધા હતા. ચોથા નંબર પર જગત સિંહ નેગીએ મંત્રી પદના શપથ લીધા હતા. ત્યાર બાદ શિમલાથી ઝુબ્બલ કોટખાઈથી રોહિત ઠાકુરનો નંબર હતો. તેમના નામની જાહેરાત થતાં જ હોલમાં તાળીઓ વાગી હતી. તો વળી શિમલાથી કુસુમપટ્ટીથી ધારાસભ્ય અનિરુદ્ધ સિંહ અને શિમલા ગ્રામિણથી ધારાસભ્ય અને પૂર્વ સીએમ વીરભદ્ર સિંહના દીકરા વિક્રમાદિત્ય સિંહે સૌથી છેલ્લા પદ અને ગોપનિયતાના શપથ લીધા હતા.

ભાજપના વરિષ્ઠ નેતા કેશરીનાથ ત્રિપાઠીનું નિધન, પ્રયાગરાજમાં અંતિમ શ્વાસ લીધા

કેશરીનાથ ત્રિપાઠી ભાજપના મજબૂત નેતા હતા. યુપીના રાજકારણમાં તેમની પોતાની એક અલગ ઓળખ હતી.

લખનૌ,તા.૮

ઉત્તર પ્રદેશ વિધાનસભાના પૂર્વ અધ્યક્ષ અને પશ્ચિમ બંગાળના પૂર્વ રાજ્યપાલ કેશરીનાથ ત્રિપાઠીનું નિધન થયું છે. તેઓ ઘણા સમયથી બીમાર હતા. તેમણે પ્રયાગરાજ સ્થિત તેમના નિવાસ સ્થાને આજે સવારે લગભગ ૫ વાગે અંતિમ શ્વાસ લીધા હતા. કેશરીનાથ ત્રિપાઠી ભાજપના મજબૂત નેતા હતા. યુપીના રાજકારણમાં તેમની પોતાની એક અલગ ઓળખ હતી. તેમના મૃત્યુની પુષ્ટિ પુત્ર નીરજ ત્રિપાઠીએ કરી હતી. નીરજ ત્રિપાઠીએ જણાવ્યું કે પિતાની સારવાર ઘરે ચાલી રહી હતી. આજે સવારે તેમણે અંતિમ શ્વાસ લીધા હતા. કેશરીનાથ ત્રિપાઠી ગયા વર્ષે ૮ ડિસેમ્બરે બાથરૂમમાં લપસી ગયા હતા. આ કારણે તેના ડાબા ખભામાં ફ્રેક્ચર થયું હતું. ત્યારથી તેણે ખાવા-પીવાનું બંધ કરી દીધું હતું. તેની ઘરે સારવાર ચાલી રહી હતી. ૩૦ ડિસેમ્બરે જ્યારે તેમની તબિયત વધુ ખરાબ થઈ ત્યારે તેમને પ્રયાગરાજ શહેરની એક ખાનગી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યારે તેની તબિયત સુધરી ત્યારે તેના સંબંધીઓ તેને ઘરે લઈ આવ્યા હતા, પરંતુ આજે સવારે તેણે અંતિમ શ્વાસ લીધા હતા.

કેશરીનાથ ત્રિપાઠીનો જન્મ ૧૦ નવેમ્બર ૧૯૩૪ના રોજ થયો હતો. તેઓ તેમના પિતાના સાત સંતાનોમાં ચાર પુત્રીઓ અને ત્રણ પુત્રોમાં સૌથી નાના હતા. વ્યવસાયે વકીલ કેશરીનાથ ત્રિપાઠીની ગણતરી ભાજપના મજબૂત નેતાઓમાં થતી હતી. તેઓ ત્રણ વખત યુપી વિધાનસભાના સ્પીકર હતા. આ સાથે યુપી બીજેપી અધ્યક્ષ તરીકે તેમણે પાર્ટીને આગળ લઈ જવાનું કામ પણ કર્યું. કેશરીનાથ ત્રિપાઠીએ જુલાઈ ૨૦૧૪ થી જુલાઈ ૨૦૧૯ સુધી પશ્ચિમ બંગાળના રાજ્યપાલ તરીકે સેવા આપી હતી. તેમની પાસે બિહાર, મેઘાલય અને મિઝોરમના રાજ્યપાલ તરીકે ટૂંકા કાર્યકાળ માટે વધારાનો ચાર્જ પણ હતો.

કેશરીનાથ ત્રિપાઠી અલ્હાબાદ હાઈકોર્ટમાં વરિષ્ઠ વકીલ હતા. તેઓ લેખક અને કવિ પણ હતા. તેમણે અનેક પુસ્તકો લખ્યા છે. તેમની મુખ્ય સાહિત્યિક કૃતિઓ 'મનોનુકૃતિ' અને 'આયુ પંખ' નામના બે સંકલનો છે. તેમના પુસ્તક 'સંચાયતાઃ કેશરીનાથ ત્રિપાઠી'ને ઘણી પ્રશંસા મળી. વ્યાવસાયિક બાજુએ, લોકોના પ્રતિનિધિત્વ અધિનિયમ, ૧૯૫૧ પરની તેમની ટિપ્પણીઓ હજુ પણ વ્યાપકપણે આદરણીય છે. આ સિવાય તેમણે માત્ર હિન્દીમાં જ નહીં પરંતુ અંગ્રેજીમાં પણ બીજા ઘણા પુસ્તકો લખ્યા છે. તેઓ ભારત અને વિદેશમાં યોજાયેલા હિન્દી કવિ સંમેલનમાં પણ ભાગ લેતા હતા.

કેશરીનાથ ત્રિપાઠી ઉત્તર પ્રદેશ વિધાનસભાના છ વખત સભ્ય હતા. ૧૯૭૭–૧૯૮૦ (ઝુસી મતવિસ્તાર), અને ૧૯૮૯–૧૯૯૧, ૧૯૯૧–૧૯૯૨, ૧૯૯૩–૧૯૯૫, ૧૯૯૬–૨૦૦૨ અને ૨૦૦૨–૨૦૦૭માં અલ્હાબાદ દક્ષિણ બેઠક પરથી સતત પાંચ જીત. તેઓ યુપીમાં કેબિનેટ મંત્રી, સંસ્થાકીય નાણા અને વેચાણ વેરા હતા. ૧૯૭૭ થી ૧૯૭૯ સુધી જનતા પાર્ટીના શાસન દરમિયાન. તેઓ એપ્રિલ ૧૯૮૦માં ભાજપમાં જોડાયા હતા. તેમણે ૧૯૯૧ થી ૧૯૯૩, ૧૯૯૭ થી ૨૦૦૨ અને મે ૨૦૦૨ થી માર્ચ ૨૦૦૪ સુધી યુપી વિધાનસભાના અધ્યક્ષ તરીકે સેવા આપી હતી.

'સફળતા હાથોની રેખાઓથી નહીં પરંતુ સખત મહેનતથી મળે છે': શિવરાજ સિંહ ચૌહાણ

ઈંદોર,તા.૮

મધ્યપ્રદેશના સીએમ શિવરાજ સિંહે કહ્યું કે, સફળતા હાથની રેખાઓથી નહીં પરંતુ સખત મહેનતથી મળે છે. રવિવારે ઈન્દોરમાં પ્રવાસી ભારતીય સંમેલનના ઉદ્ઘાટન પ્રસંગે યુવાનોને સંબોધતા સીએમ શિવરાજ સિંહે કહ્યું કે, જો વ્યક્તિ સંકલ્પબદ્ધ હોય અને ઈચ્છે તો દુનિયા બદલી શકે છે.પીએમ નરેન્દ્ર મોદીનું ઉદાહરણ આપતાં તેમણે કહ્યું કે, જ્યારે તેમણે સ્વચ્છતાનું કામ હાથમાં લીધું તો દરેક લોકો તેમાં સામેલ થઈ ગયા. ઈન્દોરે તો સ્વચ્છતામાં સિક્સર ફટકારી દીધો છે. તેમણે કહ્યું કે, આજે પીએમ નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં દેશ દુનિયાને રસ્તો બતાવી રહ્યો છે. વડા પ્રધાને 'મેક ઇન ઇન્ડિયા' કહ્યું તો બધી વસ્તુઓ ભારતમાં બનવા લાગી. ડિજિટલ ઈન્ડિયા દ્વારા વિશ્વનું ૪૦% ડિજિટલ પેમેન્ટ ભારતમાં થઈ રહ્યું છે અને સ્કિલ ઈન્ડિયા દ્વારા યુવાનોને કૌશલ્ય શીખવવામાં આવી રહ્યું છે.

સ્વચ્છતા અને ડિજિટલાઇઝેશનના ઉદાહરણ આપતા તેમણે કહ્યું કે, આજે દેશ આ ક્ષેત્રોમાં ઝડપથી આગળ વધી રહ્યો છે. ઈનોવેશનની વ્યાખ્યા આપતાં સીએમ સિંહે કહ્યું કે, ઈનોવેશન એટલે મનમાં આવતા વિચારને અમલમાં મૂકવાનો. વિશ્વભરમાં વિવિધ ક્ષેત્રોમાં ભારતીય યુવાનોની સફળતાનો ઉલ્લેખ કરતાં તેમણે કહ્યું કે આજે ભારતના યુવાનો માત્ર દેશમાં જ નહીં પરંતુ સમગ્ર વિશ્વમાં પોતાનું કૌશલ્ય બતાવી રહ્યા છે. આ નવા ભારતનું ચિત્ર છે.

પ્રવાસી ભારતીય સમ્મેલનમાં કેન્દ્રીય મંત્રી અનુરાગ ઠાકુરે કહ્યું કે, મહાત્મા ગાંધી ૧૦૮ વર્ષ પહેલા દક્ષિણ આફ્રિકાથી ભારત પરત ફર્યા હતા. સમગ્ર વિશ્વમાં દર ૬ માંથી એક વ્યક્તિ ભારતીય છે. ભારતીય મૂળના લોકોએ વિદેશમાં વ્યવહારિકતા દર્શાવી છે. ભારતીય પ્રવાસી યુવાનોમાં વિશેષ અને અદ્વિતીય ગુણો છે. તેમણે યુવાનોને કહ્યું કે, ભારતીયતાનો સબંધ આપણને એકજૂથ કરે છે. આ લોહીનો સંબંધ આપણને એક કરે છે. તેમણે કહ્યું કે, તમે જેટલી વધુ ભારત ફરશો તેટલું જ તમે ભારતને જાણશો. મહાકાલ લોક અને ઓમકારેશ્વર મંદિરનો ઉલ્લેખ કરીને તેમણે ઈન્દોરના બુલિયન માર્કેટની મુલાકાત લેવા વિનંતી કરી હતી.

દિલ્હીમાં તાપમાન ૧.૯ ડિગ્રીએ પહોંચતા લોકો ઠુઠવાયા

નવીદિલ્હી,તા.૮

ભારતની રાજધાની દિલ્હીમાં શિયાળાની ઠંડીના કારણે લોકોની હાલત ખરાબ થઈ ગઈ છે.જેમાં તાપમાનમાં સતત ઘટાડો જોવા મળી રહ્યો છે. ત્યારે આજે તાપમાનનો પારો ૧.૯ ડિગ્રીએ પહોંચી જતા લોકો ઠુંઠવાયા હતા.આ સિવાય રસ્તાઓ પર ગાઢ ધુમ્મસના કારણે વાહનચાલકોને હાલાકી ભોગવવી પડી રહી છે.જ્યારે બીજીતરફ ટ્રેનો અને ફ્લાઈટો પણ મોડી ચાલી રહી છે.દિલ્હીમાં તાપમાન નીચુ જતા લોકો ઘરની બહાર તેમજ ઘરની અદંર સતત પરેશાનીનો સામનો કરી રહ્યા છે.દિલ્હીના ઘણા વિસ્તારોમાં ગાઢ ધુમ્મસ છવાઈ ગયું છે જ્યાં વિઝિબિલિટી ઓછી થઈ ગઈ હોવાથી વાહનોની સ્પીડ ઘટી ગઈ છે. જ્યારે ઘણી જગ્યાએ ટ્રાફિકની ગતિ ધીમી જોવા મળી રહી છે.

બંધારણ કઈ રીતે ખતમ થઈ રહ્યું છે જોઈ લ્યો...
જાલિમ શાસકો દેશની સંપતિ વેચી નાખે ...
તમારે વિરોધ કરવાનો નહિં...
પેટ્રોલ ડીઝલ ગેસના ભાવ કંપનીઓ વધારે ....
તમારે વિરોધ કરવાનો નહિં...
ઓબીસી એસસી એસટીના ભાગની નોકરીઓ હિસ્સો
જાતિવાદીઓ ખાઈ જાય. ....
તમારે વિરોધ કરવાનો નહિં.....
યુનિવર્સિટીઓ પર તમામ સમાજનો હિસ્સો એકાદ જાતિ
જાતિવાદ ચલાવીને હડપ કરી જાય ...
તમારે વિરોધ કરવાનો નહિ.....
ન્યાયતંત્ર પર તમામ સમાજનો હિસ્સો એકાદ જાતિ જ
જાતિવાદ ચલાવીને હડપ કરી લે....
તમારે વિરોધ કરવાનો નહિં...
ઈવીએમથી મતની ચોરી કરી રાજ કરવાનું ....
તમારે વિરોધ કરવાનો નહિં.....
ઈંઈ ખાનગી હોસ્પિટલો મનફાવે તેવા બિલો બનાવી
પબ્લિકને લૂંટતી રહે...
તમારે વિરોધ કરવાનો નહિં....
શિક્ષણ ના નામે લાખો કરોડોની ઉઘાડી લુટ ખાનગી સ્કૂલો
વાળા ચાલુ કરે....
તમારે વિરોધ કરવાનો નહિં.....
ખાનગી વીજળી સપ્લાય કરતી કંપનીઓ ગમે તેટલો ભાવ
વધારો કરે...
તમારે વિરોધ કરવાનો નહિં....
સરકારી અધિકારી દાદાગીરી કરી કાયદા વિરુદ્ધ કામ
કરે....તમારે વિરોધ કરવાનો નહિં...
ખેડૂતોને તેમની ઉપજના ગમે તેટલા ઓછા ભાવ મળે...
તમારે વિરોધ કરવાનો નહિં....

સમાધાન આપણી વચ્ચે, ન આ દુનિયા થવા દેશે,
જરા ઠરશે જ્યાં અંગારા, જગત પાછું હવા દેશે!
ભરોસો રાખ એના પર, ફરે છે દરબદર શાને?
ખુદાએ દર્દ દીધું તો, ખુદા એની દવા દેશે.
સભા છે આપની એમાં, છે કૈં મિત્રો અમારા પણ,
મરી જાશે પણ એ મુજને, ન બેઈજ્જત થવા દેશે!
દિલાવર છે સગા સ્નેહી, કદી કરશે ન કંજૂસી,
ભરાશે ઘાવ જ્યાં જૂના, જખમ પાછા નવા દેશે!
હતું કે હાથ ઝાલીને, મને એ રોકશે બેતાબ,
ખબર નો'તી સિફતથી એ, સદનમાંથી જવા દેશે!

હનીફ ખત્રી બેતાબ (જામનગર)

આખરે

મચ્છુ થઈ બદનામ આખરે,
થઈ હોનારત સરેઆમ આખરે,
પળવારમાં લાશો તરતી,
થઈ મચ્છુ સુમસામ આખરે,
આનંદ ઉત્સાહ કિલકારી,
થઈ ગરકાવ ગુમનામ આખરે,
કાળ બન્યો એ સમય સાંકળો,
થઈ સમાધી રામનામ આખરે,
મચ્છુ થઈ બદનામ આખરે,
થઈ હોનારત સરેઆમ આખરે.

હિમાંશુ વઘારીયા 'વિસામો' (જામનગર)

છું મોજીલો માસ્તર એટલે હુ હંમેશા મોજમાં રે'વાનો;
આવે ભલે હાલ મોત તોય ના કદી એનાથી હું ડરવાનો.
પાછી મળી જીંદગી મને વસુંધરા પર મસ્ત મજાની હો;
છું શાયર એટલે ધરા પરના અમીરસનેહું મોજથી પીવાનો.
છું મજાનો કવિ એટલે મારો વિષય ક્યાં નકકી હોય રોજ;
ક્યારેક બની મમતાનું હાલરડુ એને હું પ્રેમથી ગાવાનો.
થાય ના મુજથી આ કામ શબ્દ નથી મારા શબ્દકોશમા કોઈ;
કરી પરીશ્રમ ખૂબ હું ઈશ્વર પાસેથી પણ છીનવી લેવાનો.
ગાઈ શકું-લખી શકું -વગાડી શકું કેટલી શકિત છે મુજમા;
ક્યારેક બની નાનકુ બાળક એની સંગે હું ધૂળમાં રમવાનો.

મોજીલો માસ્તર (પાટણ)

એની વાત

બળતું હૈયું ઠારું એવી ક્ષણ આપે,
એ છે એનું ઘર એવી સમજણ આપે.
એણે આકાશેથી જોયું છે બોલો!
પંખીને મુઠ્ઠીભર કોઈ ચણ આપે.
છાંયે બેસીને જે એને ભૂલે નય,
છાંયો રાખે છે ક્યાં બળતું રણ આપે?
મારગ ભૂલી વાછરડું ગાંગરતું હો,
બે ડગલાં ચાલે ને સામે ધણ આપે.
જોડાયેલો છે એ તો આત્મા સાથે,
સઘળે પામો એવું તો સગપણ આપે.



રિયાઝ લાંગડા(મહુવા).

પ્રણય સંબંધો



પ્રેરક અનુભૂતિમાં પાકતાં પ્રણય સંબંધો,
લાવે પ્રેશર ઘણું વાગતાં પ્રણય સંબંધો.
આકૃતિ કેવી રડાવે મને હજી જીવનમાં?
દોરી નાખી અમે આવતાં પ્રણય સંબંધો.
જીરવ્યું મેં જનેતા ભણી રહી સંભાળે,
જે લોકોને હજી દાઝતા, પ્રણય સંબંધો.
કોશિશ માં ક્યાશે નહીં જગાવુ પ્રેમે,
ધારો ધારે હવે કાપતાં, પ્રણય સંબંધો.
રાખો જેની તરફ જો કદી મહોબ્બતે તો,
જોશો આંખે તમે હાંકતા, પ્રણય સંબંધો.

હિતેશ આર. પટેલ ×સાવન×(બારડોલી)

ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક
સાહિત્ય સરિતા-આયોજક : પ્રદીપ રાવલ

NOG SS No: 127
વિષય - તૃષ્ણા - તૃપ્તિ
કવિતા -પદ્ય
તૃષ્ણા થી તૃપ્તિ સુધી
દોડ છે આ માનવી ની
ઝાંઝવા નાં જળ સુધી
તૃષ્ણા ન કદી છીપે છે
ભૌતિકતા ની ભરમાળ માં
ચમક દમક નાં ફૂટપાથ પર
ચારો તરફ રજડે છે
મળતી નથી તૃપ્તિ આ
દેખાદેખી ની રમત માં
એક છીપે તૃષ્ણા
તો બીજીબાજી મારી જાય છે
જગત આખું ફરે છે
તૃપ્તિ ની શોધ માં
તૃપ્તિ તો મળતી નથી
તૃષ્ણા વધી જાય છે
ખરેખર જો પામવી હોય
"જો તૃપ્તિ"
ચંચળ મન ને
એક દિશા દઈ શકાય છે
અલ્પા મહેતા.રાજકોટ

NOG SS No: 109
વિષયઃ-તૃપ્તિ/બાબુ સંગાડા×મહેક×
પ્રકાર :-પધ
આંખોનો દરિયો
ઝબુળાતો રહ્યો
સામે
ચોમાસાની હેલી જેમ
ચોતરફ વહેતી
નદીઓ
તોફાની થઈ
ઠરી જતી વિશાળપટે
ને
સમદર આખોએ
શાંત બની જોઈ રેતો
પેલા મરું ભૂમિથી
દોડી આવતા ઝરણા
તરફડીયા મારતા
કોઈ જમીન સરકી માછલી જેમ
ત્યાંરે
હૂંફાળા હાથ અધ્ધર ફેલાવતો
ને સમાવી લેતો
ગોદમાં
આખા શરીરે પ્રકટી ઊઠી
લાયલાય બની તરસ
ઠંડીગાર બની જતી
તૃપ્ત થૈ
તેની ભીંતર લ્હેરાતા મોજા વચ્ચે.
બાબુ સંઘાડા

સાહિત્ય સરિતા ગ્રુપ
NOG .SS.NO. 22
વિષય - તૃષ્ણા કે તૃપ્તિ...?
પ્રકાર - ગદ્ય
શબ્દો - ૪૯૪
શીર્ષક - સમ્રાટ

"આપણે જીતી ગયા મહારાજ." આ શબ્દો સાથે જ રાજા ચક્રદત્તે અટ્ટહાસ્ય કરવાનું શરૂ કર્યું. જેમજેમ ચક્રદત્ત જીતી રહ્યો હતો તેમતેમ તેની તૃષા વધી રહી હતી. તેના આ રાજવિસ્તાર અભિયાનનો સારથી હતો તેનો નિર્દય અને ચાલાક સેનાપતિ રુદ્રસેન. ચક્રદત્તે પોતાનું અટ્ટહાસ્ય બંધ કર્યું અને સભાને સંબોધતાં કહ્યું, "અમાત્ય માધવ, આપ એક નાના ઉત્સવનું આયોજન કરો. મોટા ઉત્સવનું આયોજન ઈન્દ્રાપુરીને આપણી સામે ઝુકાવીને કરીશું. ત્યાં સુધી હું ચક્રવર્તી સમ્રાટની પદવી ધારણ નહિ કરું. રુદ્રસેન, તમારું આગળનું અભિયાન ઈન્દ્રાપુરી છે."

કુટિલ સ્મિત સાથે રુદ્રસેને પોતાનું માથું નમાવ્યું. અમાત્ય માધવથી રહેવાયું નહિ અને તેણે કહ્યું, "સમ્રાટ, આપનો આદેશ શિરોમાન્ય, છતાં હું કેટલીક બાબતો ઉપર આપનું ધ્યાન અપાવવા ઈચ્છીશ. હમણાં જ જે જીત માટે ઉત્સવના આયોજનનું કહી રહ્યાં હતાં તે પાયમાલ દ્રુપનગરી આપણા માટે ખોટનો સોદો પુરવાર થશે. ત્યાં કોઈ વેપારી નથી કે કારીગર નથી. ઈન્દ્રાપુરી એ ચોક્કસથી સંપત્તિવાન રાજ છે, પણ આપણા કરતાં તેમનું સૈન્ય વધુ શક્તિશાળી છે. તેમની સામે જીતવું અસંભવ છે. આપ ફરી વિચાર કરી જુઓ."

રાજા ચક્રદત્તનો ચહેરો ક્રોધથી તમતમી ઉઠ્યો, તેણે તીખા સ્વરમાં કહ્યું, "નફો અને નુકસાન જોવા માટે હું વેપારી નથી. ભવિષ્યનો ઈતિહાસ મને ચક્રવર્તી સમ્રાટ અને વિષ્ણુનો અવતાર તરીકે યાદ રાખે એટલી જ મહેચ્છા છે."

તે જ સમયે એક વ્યક્તિએ ત્યાં પ્રવેશ કર્યો. મહારાજને વંદન કરીને તે સંપૂર્ણ સભાને નમ્યો. તેની આંખમાં અનોખી ચમક હતી.

તેણે બુલંદ અવાજમાં કહ્યું, "ચક્રવર્તી સમ્રાટ ચક્રદત્ત, હું મારી કલાનું પ્રદર્શન કરવા માટે આવ્યો છું."

પોતાના માટે ચક્રવર્તી સમ્રાટનું સંબોધન સાંભળીને ચક્રદત્ત મનોમન રાજી થયો અને હાથથી ઈશારો કર્યો.

તે કલાકારે વાંસળી વગાડવાનું શરૂ કર્યું. તેના દૈવીય સૂરોથી સભા મંત્રમુગ્ધ થઈ ગઈ. ચક્રદત્ત પોતે પણ તેમાં ખોવાઈ ગયો. જ્યારે તે કલાકારે વાંસળી વગાડવાનું બંધ કર્યું ત્યારે બધાં ભાનમાં આવ્યાં.

ચક્રદત્તનું મન પ્રફુલ્લિત થઈ ગયું હતું, તેણે કલાકારને ઉદ્દેશીને કહ્યું, ×વાહ! અદ્ભુત! કલાકાર, શું છે નામ તમારું? શું ઈનામ આપું તમને જમીન, જાગીર, સોનું? જોઈએ તે માગી લો.×

તેણે વિનમ્રતાથી કહ્યું, ×ચક્રવર્તી સમ્રાટ, આપવાવાળો તો ઉપર બેઠો છે અને મને જે જોઈતું હતું તે તેણે આપી જ દીધું છે. તમે જે આપવાનો વિવેક કરી રહ્યા છો, તેનાથી વધુ ત્યજીને તો હું નીકળ્યો છું.×

અમાત્ય માધવે તે કલાકારના ચહેરાને ધ્યાનથી જોયો અને ઉછળી પડ્યો તેણે આગળ વધીને કલાકારની સામે મસ્તક ઝુકાવ્યું અને કહ્યું, ×આપ ઈન્દ્રાપુરીના સમ્રાટ જગવર્મન છો?×

જગવર્મને સ્મિત સાથે હકારમાં માથું હલાવ્યું એટલે ચક્રધર વિસ્મિત થઈ ગયો. તેણે પૂછ્યું, ×આ કઈ રીતે સંભવ છે? આપ આવા વેશે?×

જગવર્મને કહ્યું, ×જ્ઞાનચક્ષુ ખુલ્યાં હોય તો અસંભવ કંઈ જ નથી. તમારી જેમ મને પણ સત્તાલાલસા હતી અને સંપૂર્ણ જગત ઉપર રાજ કરવું હતું. તે માટેના યુદ્ધમાં ઘણા પરિવારો ઉજાડી દીધા અને મારા પુત્રો, મનની શાંતિ બધું જ ગુમાવ્યું. અંતે બૌદ્ધગુરૂને શરણે ગયો અને તેમણે મારાં જ્ઞાનચક્ષુ ખોલી દીધાં. સત્તાની તૃષા ક્યારેય શમતી નથી, આ તૃષા ફક્ત જ્ઞાનરૂપી જળથી જ શમી શકે. મેં મારા પ્રધાનને સત્તાની ધૂરા સોંપી દીધી છે, તે હવે રાજવ્યવસ્થા સંભાળશે. હવે હું દરેક રાજા પાસે જાઉં છું અને યુદ્ધ ન કરે તે માટે વિનવું છું. મારું વાંસળીવાદન ગમ્યું હોય અને જો કોઈ ભેટ આપવા ઈચ્છતા હો તો યુદ્ધ ન કરવાનું વચન આપો.×

જગવર્મનની આ વાત સાથે જ ચક્રદત્ત સિંહાસન ઉપરથી ઊઠીને તેમની સામે નમી પડ્યો.

જ્યોતિન્દ્ર મહેતા, પાલધર

NOG SS No.0081
વિષય : તૃષ્ણા કે તૃપ્તિ
પ્રકાર : પદ્ય
શીર્ષક : તૃષ્ણા હરિને પામવાની
શબ્દો:૧૧૩
ચહેરા પર પડી કરચલી,તો ય એ ના મટી છે,
તૃષ્ણા હરિને પામવાની હરદમ રહી છે .
બાળપણે એ કામધેનુ સમ,
યુવાનીમાં એ રહી ધન સંપદા સંગ,
વાનપ્રસ્થમાં એ જ એક આલંબન,
તૃષ્ણા હરિને પામવાની હરદમ રહી છે.
તૃષ્ણા નવ કાયમ બૂરી,
એ તો છે ઉદ્યમની બારી ,
એનાં થકી જીવન કસોટી,
તૃષ્ણા હરિને પામવાની હરદમ રહી છે.
ગુરુ સૂચવે માર્ગ અનેરાં ,
ધ્યાન,જપ કે તપ થકી પામવાના,
થાકે જીવ ,મથે અવિરત,નવ છોડે બંધ માયાનાં,
તૃષ્ણા હરિને પામવાની હરદમ રહી છે.
આવ્યો ઢૂંકડો અંત ,તૃપ્તિ જીવ ચાહે,
મન મરકટને નાથવા ,તરફડે,હર પ્રકારે,
ધન સંપદા કેરી જાળ તોડી જો ફાવે,
સાથે ફક્ત આવે સત્કર્મ,સ્નેહ સથવારે,
સમજે જીવ તો તૃષ્ણા હરિને પામવાની નવ સતાવે !

માયા દેસાઈ
મુંબઈ ભારત .

NOG. SS.NO.0098
વિષયઃ- તૃષ્ણા કે તૃપ્તિ
પ્રકારઃ- પદ્ય
શીર્ષકઃ- તૃપ્તિ થી આત્મિક આનંદ

મિત્રો , ×તૃપ્તિ ×થી થતી આનંદની અનુભૂતિ નો સફર આપ સૌને મારી રચના પદ્ય ના માધ્યમ થી કરાવું છું.

મન બહુ જ વ્યથિત થાય છે જ્યારે જોઉં
છું ભૂખથી તડપતા બાળકો,
કરુણ કૃદંત કરતા બાળકો,
ખાલી પેટે સૂઈ જતા બાળકો,
દમ તોડતા બાળકો
મન વારંવાર રડે છે જ્યારે જોઉં છું
ચોરાહા ઉપર ભીખ માંગતા બાળકો
ફટકાર ખાતા બાળકો,
રડતા બાળકો,
નિઃવસ્ત્ર બાળકો,
અનાથ, અસહાય ,અપાહીજ બાળકો
જમીન પર સૂતા બાળકો,
ઠંડીમાં ઠીઠુરતા બાળકો,
દમ તોડતા બાળકો.
મન ધિક્કારે છે શું આજ છે તારો પુરુષાર્થ?
આજ છે માનવતા?
આજ છે વિકાસ?
આજ છે ધન સંચય નો પ્રયોજન?
કંઈક બધું નિરર્થકતો નથી?
આખરે મૃગ તૃષ્ણા ની પાછળ કેમ અને ક્યાં સુધી?

એમનું શું વાંક ?બાળકો તો પ્રભુની દેન છે ,દેશના ભવિષ્ય છે ,ક્રૂર તો તારી માનવતા છે.

મન પુકારે છે કરે છે એક વિચાર
આગળ વધુ છું સહભાગી બનું છું
અને માનવ કલ્યાણ કરીને ×તૃપ્તિ×થી આનંદ અનુભવું છું.

હા તો મિત્રો આ છે મારો માનવ કલ્યાણ થી ×તૃષ્ણા× ની ×તૃપ્તિ ×નો સફર. માનવ કલ્યાણ કરી આપ સૌ પણ સહભાગી બની તૃપ્તિનો અનેરો આનંદ અનુભવો.

લીના શર્મા
હાલોલ.

NOG SS NO : 117
પ્રકારઃ ગદ્ય
વિષય : તૃષ્ણા કે તૃપ્તિ ?
શબ્દો : ૩૭૬
શીર્ષક : સફર

શિમોની...માત્ર ૧૭ વર્ષની દીકરી; ખુબ ડાહી, સુંદર અને સંસ્કારી. આ ઉંમરે ના તો પરિપક્વતાની અપૂર્ણતા હોઈ કે ના તો, સંપૂર્ણતા. આ કાચી-પાકી પરિપક્વતાની ઉંમરે શિમોનીના જીવનમાં પણ એક અલગ જ ઘટના બની.

વાત છે લગભગ એક મહિના પહેલાની. રાતનો સમય હતો અને શીમોની ઘરે એકલી હતી. એના માતા-પિતા ઓફિસની એક પાર્ટીમાં ગયા હતા. શીમોની એના રૂમમાં બેસીને લેપટોપમાં સિરીઝ જોઈ રહી હતી અને એ સિરીઝમાં ૧૭ વર્ષની ઉંમરના બાળકને ના જોવાનું દ્રશ્ય આવ્યું. શીમોનીને પહેલા તો એ દ્રશ્ય ફોરવર્ડ કરવાનો વિચાર આવ્યો. પણ, એકલી હતી, અંધારું હતું, શાંત જગ્યા હતી તો એને એ દ્રશ્ય જોવાનું મન થયું. એના મનમાં એ દ્રશ્ય જોવાની તૃષ્ણા જાગી. એના શરીરમાં એને કંઈક વિચિત્ર ફેરફાર થતા જણાયા. એને સમજાયું નહિ કે, તેની સાથે શું થઈ રહ્યું છે. આવી વિચિત્ર અનુભૂતિ એને પહેલા ક્યારેય થઈ જ નહોતી. ધીમે ધીમે એના હાથ અને પગ સળવળ્યા. એ દ્રશ્ય તો બે મિનિટમાં જતું રહ્યું અને સિરીઝ આગળ ચાલવા લાગી. પણ એ કાચી બાળબુદ્ધિ હજી ત્યાંની ત્યાં જ અટકી હતી. એને રીવાઈન કરીને ફરી એ દ્રશ્ય જોયું. એના શરીરમાં થતા ફેરફાર વધતા હતા પણ એને આ બદલાવ પણ પસંદ પડ્યા. એ દ્રશ્ય આગળ વધ્યું પણ, એને એ પણ ફરી રિવાઈન કર્યું. એ વારંવાર રિવાઈન કરીને એ દ્રશ્યને જોતી રહી અને શરીરમાં આવતા બદલાવને માણતી હતી. લગભગ ૧૦-૧૨ વખત રિવાઈન કર્યા બાદ શિમોનીને એક અલગ જ અહેસાસ થયો. એ સાવ અલગ જ તૃપ્તિનો આનંદ લઈ રહી હતી. આટલા વર્ષોમાં ક્યારેય ન અનુભવેલી તૃપ્તિ એને ગમવા લાગી. પ્રથમ વખત એને પોતાના જ સ્પર્શનો અનુભવ મીઠો અને માદક લાગ્યો. એ ત્યારે તો થોડી જ વારમાં સૂઈ ગઈ. પણ બીજા દિવસે ફરી એને એ જ દ્રશ્ય જોવાની તલપ લાગી. એ બીજા દિવસે રાત પડવાની રાહ જોતી બેઠી હતી. જેવા બધા સુવા ગયા કે, તરત જ શિમોની એના રૂમમાં આવી, દરવાજો બંધ કર્યો અને ગઈકાલની ઘટના દોહરાવી. ફરી બે દિવસ બાદ પણ કંઈક આવું જ થયું અને આ ઘટના રોજ બનવા લાગી. ધીમે ધીમે તે નેટ પર આવા દ્રશ્યો સર્ચ કરીને જોવા લાગી. એક દિવસ..બે દિવસ...પાંચ દિવસ...પંદર દિવસ... પચીસ દિવસ અને આજે આ વાતને મહિનો થયો. શિમોની હજી પણ એ દ્રશ્ય અને સિરીઝ જોવાના બંધ નથી કરી શકી.

આમાં વાંક ઉંમરને આપવો? કે પછી, શિમોનીના માતા-પિતાને? શિમોનીને કાચી બુદ્ધિ અને અણસમજુ સમજવી કે, તેના માતા-પિતાને? કોણ જાણે એ ફૂલ જેવી નિર્દોષ બાળકીની તૃષ્ણાથી તૃપ્તિ સુધીની સફર ક્યારે અટકશે?

- મેઘના કામદાર
(અમદાવાદ)

રાજ્યપાલ બન્યા પછી હું ખુશ નથી:મને નથી લાગતું કે હું યોગ્ય જગ્યાએ છું : ભગતસિંહ કોશ્યારી

મુંબઈ,તા.૮

મહારાષ્ટ્રના રાજ્યપાલ ભગત સિંહ કોશ્યારી ફરી એકવાર તેમના એક નિવેદનને લઈને ચર્ચામાં આવ્યા છે. શુક્રવારે જૈન સમુદાયના એક કાર્યક્રમમાં તેમણે કહ્યું હતું કે 'રાજ્યપાલ બન્યા પછી હું ખુશ નથી, મને લાગે છે કે હું યોગ્ય સ્થાને નથી'. કોશ્યારીએ વધુમાં કહ્યું હતું કે 'જ્યારે સાધુઓ રાજભવનમાં આવે છે ત્યારે મને આનંદ થાય છે. 'મહારાષ્ટ્રના રાજ્યપાલના આ નિવેદન અંગે ભાજપે કહ્યું હતું કે આ નિવેદનને વિવાદિના એન્ગલથી યોગ્ય નથી. આ પહેલીવાર નથી જ્યારે ભગત સિંહ કોશ્યારીનું નિવેદન હેડલાઈન્સમાં આવ્યું હોય. આ પહેલા ૧૯ નવેમ્બરે ઔરંગાબાદમાં યુનિવર્સિટીના એક કાર્યક્રમમાં તેમણે શિવાજીને જૂના જમાનાના આઈડલ ગણાવ્યા હતા. કોશ્યારી સાથે આ કાર્યક્રમમાં કેન્દ્રીય મંત્રી અને ભાજપના નેતા નીતિન ગડકરી અને એનસીપીના વડા શરદ પવાર પણ હાજર હતા.તેમણે સભામાં બાબાસાહેબ આંબેડકર અને કેન્દ્રીય મંત્રી નીતિન ગડકરીને નવા યુગના આઈડલ ગણાવ્યા હતા. આ નિવેદન બાદ વિપક્ષના નેતાઓએ તેમના પર પ્રહારો કર્યા અને તેમના રાજીનામાની માગ કરી હતી. ભાજપના સમર્થનથી મહારાષ્ટ્રમાં સરકાર બનાવનાર શિંદે જૂથે પણ કોશ્યારીના નિવેદનનો વિરોધ કર્યો હતો.

જાપાનને પાછળ છોડી ભારતે ઓટોમોબાઈલ માર્કેટમાં ઈતિહાસ રચ્યો!

ગત વર્ષ ૨૦૨૨માં ભારતે એક મોટો રેકોર્ડ પોતાના નામે કર્યો છે. વર્ષ ૨૦૨૨માં ભારત જાપાનને પાછળ છોડીને વિશ્વનું ત્રીજું સૌથી મોટું ઓટોમોબાઈલ માર્કેટ બની ગયું છે. હાલમાં જ ઓટો માર્કેટ ઈન્ડસ્ટ્રી દ્વારા આપવામાં આવેલી માહિતી પરથી જાણવા મળ્યું છે કે વર્ષ ૨૦૨૨માં ભારતમાં કુલ ૪૨.૫ લાખ નવા વાહનોનું વેચાણ થયું છે. જ્યારે જાપાનમાં વર્ષ ૨૦૨૨ દરમિયાન વાહનોના કુલ ૪૨ લાખ યુનિટનું વેચાણ થયું છે.આવી સ્થિતિમાં, વર્ષ ૨૦૨૨માં ભારત વિશ્વના ત્રીજા સૌથી મોટા ઓટો માર્કેટ તરીકે ઉભરી આવ્યું છે.

સોસાયટી ઓફ ઈન્ડિયન ઓટોમોબાઈલ મેન્યુફેક્ચરર્સ દ્વારા આપવામાં આવેલી માહિતી અનુસાર, વર્ષ ૨૦૨૨ના જાન્યુઆરીથી નવેમ્બર સુધીમાં ભારતમાં કુલ ૪૧.૩ લાખ વાહનોની ડિલિવરી કરવામાં આવી હતી. તે જ સમયે, વર્ષના અંત સુધીમાં, આ આંકડો ૪૨.૫૦ લાખ સુધી પહોંચી ગયો હતો. દેશની સૌથી મોટી ઓટો સેક્ટરની કંપની મારુતિ સુઝુકીએ ડિસેમ્બરમાં તેના વાહનોના વેચાણના આંકડા જાહેર કર્યા છે. આ પછી જાણવા મળ્યું કે ભારત વિશ્વના ત્રીજા સૌથી મોટા ઓટો માર્કેટ તરીકે ઉભરી આવ્યું છે. જાપાન ઓટોમોબાઈલ ડીલર્સ એસોસિએશને જણાવ્યું કે વર્ષ ૨૦૨૨માં જાપાનમાં વાહનોનું વેચાણ ઓછું રહ્યું છે. ગયા વર્ષે જાપાનમાં કુલ ૪૨ લાખ વાહનોનું વેચાણ થયું હતું, જે વર્ષ ૨૦૨૧ કરતાં ૫.૬ ટકા ઓછું છે.

ચીન વિશ્વનું સૌથી મોટું ઓટોમોબાઈલ માર્કેટ છે. વર્ષ ૨૦૨૧માં ચીનમાં કુલ ૨.૬૨ કરોડ વાહનોનું વેચાણ થયું હતું. બીજા નંબર પર અમેરિકા હતું, જેમાં વર્ષ ૨૦૨૧માં કુલ ૧.૫૪ કરોડ વાહનોનું વેચાણ થયું હતું. જ્યારે વર્ષ ૨૦૨૧માં જાપાનમાં કુલ ૪૪.૪ લાખ વાહનોનું વેચાણ થયું હતું. તમને જણાવી દઈએ કે જાપાન ઘણા વર્ષોથી એશિયાનું સૌથી મોટું ઓટો માર્કેટ છે. વર્ષ ૨૦૧૮માં જાપાનમાં કુલ ૪૦.૪ લાખ વાહનોનું વેચાણ થયું હતું. જ્યારે વર્ષ ૨૦૧૯માં કુલ ૪૦ લાખ વાહનોનું વેચાણ થયું હતું. વર્ષ ૨૦૨૦ માં, કોરોના રોગચાળાના પ્રથમ વર્ષમાં, ઓટો સેક્ટરને મોટો આંચકો લાગ્યો હતો અને જાપાનમાં વાહનોનું વેચાણ ૩૦ વર્ષથી ઓછું હતું.

માલપુર તાલુકાના વિવિધ ગ્રામ્ય વિસ્તારોને જોડતા ડામર રોડનું ખાત મુહૂર્ત કરવામાં આવ્યું...

બાયડ - માલપુરના લોકપ્રિય ધારાસભ્ય ધવલસિંહ ઝાલાની ઉપસ્થિતિમાં ગ્રામજનોના હસ્તે ડામર રોડનું ખાત મુહૂર્ત કરવામાં આવ્યું ...

અરવલ્લી.

આજરોજ બાયડ - માલપુરના લોકપ્રિય ધારાસભ્ય ધવલસિંહ ઝાલાની ઉપસ્થિતિમાં માલપુર તાલુકાના રંભોડા ચમારવાસ ફળીથી વેરાઈ માતા મંદિરને જોડતા ડામર રોડ, હેલોદર સ્ટેટ હાઈવેથી લાલપુર ભગતફળી ને જોડતા ડામર રોડ, ચોરીવાડ ચોકપાઈ ફળીથી સરદારખાંટ ને જોડતા ડામર રોડ, ડબારણ થી હેલોદર હાઈવે ને જોડતા ડામર રોડ, કાંકરી ટીંબા થી કાનેરા ને જોડતા ડામર રોડ, નાથાવાસ બળિયાદેવ થી સામિતેડ પાકા રોડને જોડતા ડામર રોડ અને ઢુંઢર વાવડી ડામર રોડનું ખાત મુહૂર્ત ગ્રામજનોના હસ્તે કરવામાં આવ્યું હતું...

ખાત મુહૂર્ત પ્રસંગે ઉપસ્થિત ધારાસભ્ય ધવલસિંહ ઝાલા, ભારતીય જનતા પાર્ટીના તાલુકા સદસ્યો, સરપંચશ્રીઓ, ભારતીય જનતા પાર્ટીના આગેવાનોનું સ્વાગત બાળકીઓએ કુમ કુમ તિલક કરીને કર્યુ હતું. ડામર રોડનું ખાત મુહૂર્ત કરવામાં આવતાં વિસ્તારના લોકોની વર્ષો જૂની માંગ પૂરી થતાં, વિસ્તારના લોકોએ આનંદની લાગણી સાથે ધારાસભ્ય ધવલસિંહ ઝાલાનો આભાર વ્યક્ત કર્યો હતો...

તા.૮-૧-૨૦૨૩ રવિવારે બપોર પછી ૧૧ કુંડી ગાયત્રી મહાયજ્ઞનું આયોજન રામ જ્યોત સોસાયટી,ભાવિન સ્કૂલ સર્કલ પાસે,નારણપુરા ખાતે ૩૫ મો દિવ્ય જન્મોત્સવ શ્રી સંજયસાઈ લોક કલ્યાણ ટ્રસ્ટ અમદાવાદ દ્વારા ગાયત્રી પરિવાર નારણપુરાના સહયોગથી કરવામાં આવ્યું હતું જેમાં સૌ પરિચિતોએ ઉત્સાહ પૂર્વક ભાગ લીધો હતો જ્યારે આયુર્વેદિક ઉકાળાના પેકેટનું નિઃશુલ્ક વિતરણ મણીબેન સરકારી આયુર્વેદિક હોસ્પિટલ દ્વારા કરવામાં આવ્યું હતું યજ્ઞમાં પુસંવન જેવા વૈદિક સંસ્કારો કરાવવામાં આવ્યા હતા

ડીસા તાલુકા પંચાયત કચેરીના કમ્પાઉન્ડમાં ગેરકાયદેસર દબાણો દૂર કરાયા

ડીસા,તા.૮

ડીસામાં આખરે તાલુકા પંચાયતની હદમાં આવેલા દબાણો આજે ચુસ્ત પોલીસ બંદોબસ્ત સાથે જેસીબી મશીન દ્વારા દૂર કરાયા હતા. ગેરકાયદેસર દબાણોની સાથે સરકારે સખી મંડળને આપેલી જગ્યા પરના દબાણો પણ તોડી પાડ્યા હતા. તાલુકા વિકાસ અધિકારીની કડક કાર્યવાહીથી અન્ય દબાણદારો ફફડાટ ફેલાયો હતો.

ડીસા તાલુકા પંચાયતની કચેરી આગળ ચાર સખી મંડળ અને અન્ય દબાણદારોએ દબાણ કરી દેતા તેને હટાવવા માટે અનેક વખત રજૂઆત કરવામાં આવી હતી. જે રજૂઆતના આધારે જિલ્લા વિકાસ અધિકારી સ્વપ્નિલ ખેર સ્થળ મુલાકાત લીધી હતી અને મુલાકાત બાદ કાયદેસરના સખી મંડળની ફાળવેલી જગ્યાથી વધારાની જગ્યાના દબાણો દૂર કરવા આદેશ કરાયો હતો. જેને પગલે તાલુકા વિકાસ અધિકારી આર.એન.રાજપૂતે અઠવાડિયા અગાઉ દબાણો દૂર કરવા નોટિસ આપી હતી. નોટિસની સમય મર્યાદા પૂર્ણ થતા જેસીબી મશીન દ્વારા દબાણ હટાવવાની કાર્યવાહી શરૂ કરાઈ હતી.

જેમાં તમામ ચાર સખી મંડળ અને અન્ય રહેલા કાચા પાકા દબાણો દૂર કરાયા હતા. જોકે નિયામકે સખી મંડળ ને ફાળવેલ દબાણો પણ દૂર કરી દેવાતા સખી મંડળ ચલાવતી મહિલાઓને નિરાધાર બની હતી. મહિલા તાલુકા વિકાસ અધિકારીની કડકાઈથી અન્ય દબાણદારોમાં ફફડાટ ફેલાયો હતો.

આણંદ: ખેતરમાં ચાલી રહેલી દારૂની મહેફિલ પર પોલીસની રેડ, ૧૪ લોકો ઝડપાયા

આણંદ,તા.૮

આણંદમાં દારૂની મહેફિલ ઝડપાઈ છે. આણંદના ઉમેટા ખાતે દારૂની મહેફિલ પર રેડ કરાઈ હતી. અહીં ખેતરમાં દારૂની મહેફિલ જામી હતી, જેની પર પોલીસે રેડ પાડી હતી.

પોલીસે દારૂની મહેફિલ માણતા ૧૪ લોકોને ઝડપી પાડ્યા છે. પોલીસે મોડી રાત્રે રેડ પાડી ઝડપાયેલા ૧૪ લોકો સામે કાર્યવાહી હાથ ધરી છે.

આંકલાવ પોલીસ દ્વારા વધુ એક મહેફિલ પર રેડ પાડવામાં આવી છે. આંકલાવ પોલીસે મોડી રાત્રે બાતમીના આધારે કાર્યવાહી હાથ ધરી હતી. પોલીસે ઉમેટા ખાતેના એક ખેતરમાં રેડ કરી હતી. રેડ દરમિયાન દારૂની મહેફિલ માણતા ૧૪ લોકો ઝડપાયા હતા. જે બાદ પોલીસે પકડાયેલા લોકો વિરુદ્ધ કાર્યવાહી હાથ ધરી છે. નોંધનીય છે કે, પોલીસ દ્વારા દારૂના વેચાણ અને દારૂ પાર્ટીઓ પર અવારનવાર તવાઈ બોલાવવામાં આવતી હોય છે, છતાં મોટા જથ્થામાં દારૂની હેરાફેરી અને મહેફિલો સામે આવતી હોય છે.

બીજી બાજુ, અમદાવાદથી વડોદરા જતાં ટ્રકમાંથી દારુનો જથ્થો મળી આવ્યો છે. ટ્રકમાં ચેકિંગ કરતાં ગાડીમાંથી દવાની આડમાં દારુનો જથ્થો મળી આવ્યો છે. બાતમીના આધારે એક્સપ્રેસ હાઈવે પર ચેકિંગ કરતાં ટ્રકમાંથી ભારતીય બનાવટની કુલ ૪ લાખથી વધુની કિંમતની ૧૬૬૮ બોટલો જપ્ત કરી હતી.

ગાંધીનગર જિલ્લાના સોલૈયા ગામ ખાતે યોજાયેલ વિશ્વ આંજણા મહાસંમેલનના સ્નેહ મિલન સમારંભને રાજયના મુખ્યમંત્રીશ્રીના હસ્તે ખુલ્લો મુકાયો

- ગુજરાતે સમાજ શક્તિને વિકાસ સાથે જોડવાનો પરિચય દેશ- દુનિયાને આપ્યો છે
- જનતાએ સરકારમાં મૂકેલાં અપાર વિશ્વાસને કારણે જવાબદારી બેવડાઈ છે
- આંજણા ચૌધરી સમાજે પરિશ્રમ અને આગવી સૂઝથી ગ્રામ્ય સંસ્કૃતિ, કૃષિ, પશુપાલન અને ડેરી વ્યવસાયને નવી દિશા આપી છે.

ગાંધીનગર : રવિવારઃ

ગુજરાતના મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે ગાંધીનગર જિલ્લાના સોલૈયા ગામે યોજાયલાં વિશ્વ આંજણા મહાસંમેલનને સંબોધતા જણાવ્યું હતું કે, ગુજરાતે સમાજ શક્તિને વિકાસ સાથે જોડવાનો પરિચય દેશ- દુનિયાને આપ્યો છે. મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, ગુજરાતની જનતાએ સરકાર પ્રત્યે વ્યક્ત કરેલાં અપાર વિશ્વાસને કારણે જવાબદારી બેવડાઈ છે. ત્યારે રાજયના પ્રત્યેક સમાજના સર્વાંગીણ અને સમ્યક વિકાસમાં ક્યાંય ક્ચાશ રખાશે નહીં.

પ્રત્યેક સમાજના સર્વાંગીણ વિકાસે ગુજરાતની પ્રગતિને વૈશ્વિક સ્તરે ઓળખ અપાવી છે, તેવું સ્પષ્ટ જણાવતા મુખ્યમંત્રીશ્રીએ ઉમેર્યું હતું કે, દેશના પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીના માર્ગદર્શન હેઠળ રાજય સરકારે સૌનો સાથ, સૌનો વિકાસ, સૌનો વિશ્વાસ અને સૌના પ્રયાસને કર્મમંત્ર બનાવીને રાજયના વિકાસને સફળતાની નવી ઉંચાઈ આપી છે.

તેમણે જણાવ્યું હતું કે, યોગ્ય પ્રોત્સાહન મળે તો પ્રગતિ કેવી રીતે કરી શકાય તે આંજણા-ચૌધરી સમાજે દર્શાવ્યું છે. મુખ્યમંત્રીશ્રીએ સમાજના વિકાસલક્ષી પરિશ્રમની નોંધ લઈ સમાજના પ્રત્યેક માનવ સુધી વિકાસના સુફળ પહોંચે તેવી કાર્યપ્રણાલી રાજય સરકારે અપનાવી છે, તેમ પણ જણાવ્યું હતું.

મુખ્યમંત્રીશ્રીએ આ પ્રસંગે ઉમેર્યું હતું કે, એક્તામાં જ તાકાત રહેલી છે. એક બની, નેક બની પુરૂષાર્થ કરીએ તો વિકાસ નિશ્ચિત છે અને ગુજરાત સરકારે પ્રત્યેક સમાજના સર્વાંગીણ વિકાસની ચિંતા કરીને જનતા જનાર્દનનો પ્રેમ- વિશ્વાસ સંપાદિત કર્યો છે. આઝાદીના અમૃતકાળમાં વિકસીત ભારત માટે વિકસીત ગુજરાતના કર્મમંત્ર સાથે આ અમૃતકાળ સર્વ સમાજ માટે વિકાસનો અમૃતકાળ બનશે, તેવી આશા અને વિશ્વાસ વ્યક્ત કરી મુખ્યમંત્રીશ્રીએ સર્વકલ્યાણની ભાવના વ્યક્ત કરી હતી.

આ સમાજ પુરુષાર્થ કરીને આગળ આવનારો સમાજ છે, એવું કહીને ગુજરાત વિધાનસભાના અધ્યક્ષ શ્રી શંકરભાઈ ચૌધરીએ જણાવ્યું હતું કે, ચૌધરી સમાજનો મોટો વર્ગ ખેતી અને પશુપાલનના વ્યવસાય સાથે સંકળાયેલો છે. ઘણા પરિવાર આજે પણ મહેનત- મજૂરી કરીને જીવન નિર્વાહ ચલાવે છે.

સરકારનો પારદર્શિતાનો અભિગમ મહેનત કરનારા માટે લાભદાયી બન્યો છે, તેવું કહી તેમણે ઉમેર્યું હતું કે, છેલ્લા થોડાક સમયમાં સમાજના યુવાનોએ અથાગ મહેનત કરી સ્પર્ધાત્મક પરીક્ષાઓ પાસ કરી છે. સરકારમાં એક કર્મનિષ્ઠ કર્મયોગી તરીકે પોતાની ફરજ બજાવી રહ્યા છે. દેશના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના માર્ગદર્શન હેઠળ દેશ - રાજ્ય વિકાસના માર્ગ ઉપર જઈ રહ્યો છે.સરકારના આ વિકાસલક્ષી અભિગમને આ સમાજે સમર્થન કર્યું છે. આજે સમગ્ર સમાજ દેશના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી અને આ સરકારમાં સંપૂર્ણ વિશ્વાસ ધરાવે છે.

મુખ્ય મંચ ઉપરથી જનમેદનીને નતમસ્તક નમન કરીને વિશ્વ આંજણા મહાસંમેલનના અધ્યક્ષ અને અમેરિકા- કેનેડા ચૌધરી સમાજના પ્રમુખ શ્રી રમણભાઈ ચૌધરીએ જણાવ્યું હતું કે, આ કાર્યક્રમનું આયોજન કરવાનો મુખ્ય હેતુ ચૌધરી સમાજને વિશ્વફલક પર ઉજાગર કરવાનો છે. સમાજ સંગઠિત થાય અને પરિવર્તન સાથે વિકાસના આયામ સર કરે તે ખૂબ જરૂરી છે. દેશના વડાપ્રધાન શ્રી નરેન્દ્ર ભાઈ મોદીએ સૌનો સાથ, સૌનો વિકાસ અને સૌનો વિશ્વાસ ના મંત્રને મૂર્તિમંત આ ચૌધરી સમાજ કરશે તેવો દૃઢ વિશ્વાસ પણ વ્યક્ત કર્યો હતો.

આ પ્રસંગે બનાસકાંઠાના સાંસદ શ્રી પરબતભાઈ પટેલ,રાજસ્થાનના જાલોર-શિરોહીના સંસદસભ્ય શ્રી દેવજીભાઈ એમ. પટેલ, અખિલ આંજણા કેળવણી મંડળના પ્રમુખ શેઠશ્રી હરિભાઈ ચૌધરીએ પોતાના પ્રાસંગિક પ્રવચનમાં શ્રી રમણભાઈ ચૌધરીના આ કાર્યને બિરદાવ્યું હતું. તેમજ સમાજને વ્યસન મુક્ત સમાજ, તંદુરસ્ત સમાજનું ઘડતર, શિક્ષિત સમાજ બને તેવું ભારપૂર્વક જણાવ્યું હતું.

આ પ્રસંગે માણસાના ધારાસભ્યશ્રી જે.સી પટેલ, મહેસાણા સાંસદ શ્રી શારદાબેન પટેલ, બનાસકાંઠાના પૂર્વ સાંસદ શ્રી હરિભાઈ ચૌધરી, માણસાના પૂર્વ ધારાસભ્ય શ્રી અમિતભાઈ ચૌધરી દૂધ સાગર ડેરીના ચેરમેન શ્રી અશોકભાઈ ચૌધરી, ખેરાલુના ધારાસભ્ય શ્રી સરદારભાઈ ચૌધરી, પૂર્વ મંત્રી શ્રી હરજીવનભાઈ પટેલ સહિત આમંત્રિત મહાનુભાવો અને દેશના વિવિધ પ્રાંતો અને રાજ્યના વિવિધ જિલ્લાઓમાંથી ચૌધરી સમાજના અગ્રણીઓ- બંધુઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમમાં ૨૦૦ થી વધુ પણ એનઆરઆઈ ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

ચાઈનીઝ દોરા, માંજા, નાયલોન દોરા તથા ચાઈનીઝ લેન્ટર્નના વેચાણ, સંગ્રહ, ઉત્પાદન અને ઉપયોગ અંગે નાગરિકો ૧૦૦ નંબર ઉપર ફરિયાદ કરી શકશે

ચાઈનીઝ દોરા, નાયલોન દોરા તથા ચાઈનીઝ લેન્ટર્નના ઉપયોગ પર મૂકવામાં આવેલ પ્રતિબંધનું ચુસ્તપણે પાલન કરાવવા રાજ્ય સરકાર દ્વારા વહીવટી તંત્રને સૂચના અપાઈ

ચાઈનીઝ દોરા, નાયલોન દોરા તથા ચાઈનીઝ લેન્ટર્નના ઉપયોગ પર મૂકવામાં આવેલ પ્રતિબંધનું ચુસ્તપણે પાલન કરાવવા રાજ્ય સરકાર દ્વારા રાજ્યના વહીવટી તંત્રને સૂચના આપવામાં આવી છે એમ ગૃહ વિભાગની યાદીમાં જણાવાયું છે.

ઉત્તરાયણ દરમિયાન ચાઈનીઝ દોરા, માંજા, નાયલોન દોરા, ચાઈનીઝ લેન્ટર્ન તથા અન્ય નૂકસાનકારક પદાર્થોથી બનેલી વસ્તુ પર પ્રતિબંધ મૂકવાની માંગણી સાથે ગુજરાત હાઈકોર્ટમાં દાખલ થયેલ પીટીશનની આજની સુનાવણી દરમિયાન નામદાર કોર્ટ દ્વારા દિશાનિર્દેશ આપવામાં આવ્યા હતા જેને ધ્યાને લઈ રાજ્ય સરકાર દ્વારા રાજ્ય વહીવટી તંત્રને જરૂરી સૂચનાઓ આપવામાં આવી છે.

ઉત્તરાયણ દરમિયાન ચાઈનીઝ દોરા, માંજા, નાયલોન દોરા તથા ચાઈનીઝ લેન્ટર્નના ઉપયોગથી નાગરિકો, પશુ-પક્ષી અને પર્યાવરણને નૂકસાન થતુ હોવાથી રાજ્ય સરકાર દ્વારા આ વસ્તુઓના ઉપયોગ પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે જેનું ચૂસ્તપણે પાલન થાય તથા આ સંદર્ભે લોકજાગૃતિ કેળવાય તે હેતુથી રાજ્ય સરકાર દ્વારા રાજ્યના સમગ્ર પોલીસ તંત્ર, જિલ્લા કલેક્ટર, મ્યુનિસિપલ કમિશનરને જરૂરી સૂચનાઓ આપવામાં આવી છે.

આ સંદર્ભે લોકજાગૃતિ કેળવવા મોટા પ્રમાણમાં લોકો એકત્ર થતા હોય તેવા સ્થળોએ પબ્લીક એનાઉન્સમેન્ટ સિસ્ટમનો ઉપયોગ કરવો, સમગ્ર રાજ્યમાં લગાવવામાં આવેલ એલ.ઈ.ડી. સ્ક્રીન પર સમયાંતરે જનજાગૃતિ સંદેશાઓ પ્રસારિત કરવા તથા શાળા અને કોલેજોમાં વિદ્યાર્થીઓ સાથે જાગૃતિ કાર્યક્રમનું આયોજન કરવાનું રહેશે.

નાગરિકો ચાઈનીઝ દોરા, માંજા, નાયલોન દોરા તથા ચાઈનીઝ લેન્ટર્નના વેચાણ, સંગ્રહ, ઉત્પાદન અને ઉપયોગ અંગે ફરિયાદ ફોન નંબર : ૧૦૦ ઉપરમાટે રજૂ કરી શકશે.

અંબાજી રોપવે ૫ દિવસ બંધ રહેશે

(એ.આર.એલ),અંબાજી,તા.૮

હાલ પોષી પૂનમ હોઈ મોટી સંખ્યામાં ભક્તો અંબાજી મંદિરમાં દર્શન કરવા પહોંચ્યા હતા. ત્યારે પોષી પૂનમ બાદ ગબ્બર પર્વત પરના રોપનું મેઈનટેન્સ કામ હાથ ધરાયું છે. જેને પગલે અંબાજી ગબ્બર રોપ વે ૫ દિવસ બંધ રહેશે. આવતી કાલથી ૧૩ તારીખ સુધી રોપ વે બંધ રહેશે. મેઈન્ટેનન્સના કારણે ૫ દિવસ રોપ વે બંધ રાખવામાં આવનાર છે. જોકે, રોપ વે બંધ રહેશે પણ ગબ્બરના દર્શન ખુલ્લા રહેશે, જેથી જે ભક્તોને ઉપર દર્શન જવુ હોય તેઓને પગપાળા જવુ પડશે.

પ્રાપ્ત માહિતી અનુસાર, અંબાજી ગબ્બર રોપ વે આવતીકાલ ૯ જાન્યુઆરીથી બંધ રહેશે. ગબ્બર રોપ વે ૯ જાન્યુઆરીથી ૧૩ જાન્યુઆરીના પાંચ દિવસ માટે બંધ રહશે. યાત્રિકો માટે ગબ્બર રોપવે બંધ રહેશે તેવુ મંદિર દ્વારા જણાવાયું છે. સાથે જ જણાવાયુ કે, રોપવેના મેન્ટનન્સને પગલે ગબ્બર રોપવે ૫ દિવસ બંધ રાખવામાં આવનાર છે.

તારીખ ૯ જાન્યુઆરીથી ૧૩ જાન્યુઆરી સુધી પાંચ દિવસ રોપ વે બંધ રહેશે. જેના બાદ ૧૪ જાન્યુઆરી એટલે કે ઉત્તરાયણના દિવસથી રોપવે સેવા રાબેતા મુજબ શરૂ થશે. અંબાજી ગબ્બર રોપવે બંધ હોવા છતાં પગપાળા દર્શન ચાલુ રહેશે, જેથી જે ભક્તોને દર્શન કરવા હોય તેઓ પગપાળા ઉપર જઈ શકે છે. ગબ્બર ચાલતા જવાના ૯૯૯ પગથીયા છે અને ઉતરવાના ૭૬૫ પગથિયા છે. ગબ્બર અખંડ જ્યોતના દર્શન ભક્તો ૧૦૦ ઉપરમાટે ચાલુ રહેશે. રોપવે ભલે બંધ રહેશે, પણ ગબ્બરના તમામ દર્શન ખુલ્લા રહેશે. વર્ષમાં વાર્ષિક અને અર્ધ વાર્ષિક સમય પ્રમાણે યાત્રિકોની સલામતી માટે રોપ વેના સરામત થતા હોય છે.

અમદાવાદમાં આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવનો શાનદાર પ્રારંભ કરાવતા મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલ

વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈના નેતૃત્વમાં ગુજરાતના વિકાસનો પતંગ સતત બે દાયકાથી નવી ઉંચાઈઓ પાર કરી રહ્યો છે - મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલ

મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્ર પટેલે આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવ ૨૦૨૩ના શુભારંભ પ્રસંગે કહ્યું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ શરૂ કરાવેલી કાઈટ ફેસ્ટીવલની પરંપરા આજે વૈશ્વિક ઓળખ બની છે.

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈના નેતૃત્વમાં ગુજરાતના વિકાસની પતંગ સતત બે દાયકાથી નવી ઉંચાઈઓ પાર કરી રહી છે.

તેમણે વધુમાં કહ્યું કે, પતંગ મહોત્સવ આકાશને આંબવાનો, નવી ઉંચાઈઓ સર કરવાનો અવસર છે. પતંગ ઉન્નતિ, પ્રગતિ અને ઉડાનનું પ્રતિક છે અને કાઈટ ફેસ્ટિવલ જેવા ગુજરાતના તહેવારો ઈન્ટરનેશનલ એટ્રેક્શન બન્યા છે એમ તેમણે ઉમેર્યું હતું.

આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવના ૨૦૨૩ ની વાત કરતા મુખ્યમંત્રી શ્રીએ કહ્યું કે, આ વર્ષનો પતંગ મહોત્સવ આપણે જી-ટ્વેન્ટીની થીમ - 'વસુધૈવ કુટુંમ્બકમ' સાથે ઉજવી રહ્યાં છીયે. વડાપ્રધાનશ્રીના નેતૃત્વમાં ભારત પ્રથમવાર જી-૨૦ દેશોની બેઠકોની યજમાની કરી રહ્યું છે. વડાપ્રધાનશ્રીએ ભારતની છબી વૈશ્વિક મંચો ઉપર જે રીતે સુદ્રઢ - ઉજળી બનાવી છે તેને કારણે આવા વૈશ્વિક મહાસંમેલનો ભારતમાં યોજાવા લાગ્યા છે. એટલું જ નહિ ગુજરાતને પણ જી-ટવેન્ટીની ૧૫ જેટલી બેઠકોની યજમાની કરવાની તક મળી છે એ આપણાં ગુજરાત માટે એક ગૌરવની વાત છે.

મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્ર પટેલે કહ્યું કે, વડાપ્રધાનશ્રીના દ્રષ્ટિવંત નેતૃત્વમાં ભારતમાં ડિજિટલ ઈકોનોમીથી લઈ ડીફેન્સના ક્ષેત્રે મોટા પાયે બદલાવો આપણે જોયા છે. ભારત વિશ્વની પાંચમી સૌથી મોટી ઈકોનોમી બની ચૂક્યું છે અને સૌથી ઉંચા દરે વિકાસ પણ કરી રહ્યું છે. તેમણે વધુમાં કહ્યું કે, આ અમૃતકાળમાં ભારતના વિકાસને વધુ ઉંચાઈએ લઈ જઈ વિકસિત રાષ્ટ્રના નિર્માણનો આપણો સંકલ્પ છે. તેને સાકાર કરવા વડાપ્રધાનશ્રીના નેતૃત્વમાં ગુજરાત સંપૂર્ણ સજ્જ છે એવો વિશ્વાસ પણ વ્યક્ત કર્યો હતો.

ગુજરાતના વિકાસની યાત્રા અવિરત રાખવા આપણે પ્રવાસન અને રોજગાર જેવા વિષયો ઉપર વિશેષ ભાર આપ્યો છે. આજનો આ કાઈટ ફેસ્ટીવલ તેનું ઉદાહરણ છે એમ મુખ્યમંત્રી શ્રી વધુમાં ઉમેર્યું હતું. ગુજરાતના પતંગ ઉદ્યોગ અંગે મુખ્યમંત્રી શ્રીએ કહ્યું કે, વડાપ્રધાનશ્રીએ આપણા પરંપરાગત તહેવારો, ઉત્સવોને જનભાગીદારી સાથે લોકઉત્સવ તરીકે ઉજવવાની નવતર પરંપરા આપી છે. આના પરિણામે બે દાયકા પહેલાં ગુજરાતમાં જે પતંગોનો વેપાર માત્ર ૮ થી ૧૦ કરોડ રૂપિયાનો હતો હવે દેશની કાઈટ ઈન્ડસ્ટ્રીનો ૪૦ ટકા હિસ્સો એકલુ ગુજરાત ધરાવે છે. વાર્ષિક ટર્ન-ઓવર રૂપિયા ૬૨૫ કરોડ છે અને લગભગ ૧ લાખ ૩૦ હજાર જેટલા લોકો પતંગ ઉદ્યોગમાં રોજગાર મેળવે છે એમ તેમણે વધુમાં ઉમેર્યું હતું. આંતરરાષ્ટ્રીય પતંગોત્સવમાં સ્વાગત પ્રવચન કરતા પ્રવાસન મંત્રી શ્રી મુળૂભાઈ બેરાએ જણાવ્યું હતું કે, ૧૪ જાન્યુઆરીના રોજ મકરસંક્રાંતિ પર્વનું મહાત્મ્ય છે, ઉત્તરાયણને અબાલ-વૃદ્ધ સહુ સાથે મળી માણીએ છીએ.

તેમણે વધુમાં કહ્યું કે, સૂર્યનારાયણ ઉત્તરાર્ધ તરફ આવતા હોવાથી આકાશમાં પતંગ ઉડાવી આપણે ઉજવણી કરીએ છીએ, ઉત્તરાયણની ઉજવણીમાં પ્રકૃતિના જતનનો સંદેશ છે. ઉત્તરાયણમાં આકાશ સ્વચ્છ બને છે. જે ઈશ્વર અને માણસના સંદેશા વ્યવહાર ઝડપી બનાવે છે. તેમણે કહ્યું કે, ઉત્તરાયણને પ્રવાસન વિભાગે પોતાના કેલેન્ડરમાં આગવું સ્થાન આપીને આપણી સંસ્કૃતિ અને સભ્યતાને એક આગવી ઓળખ આપવાનો પ્રયાસ કર્યો છે.

શ્રી મુળૂભાઈ બેરાએ વધુમાં જણાવ્યું કે, છેલ્લા ૨ દાયકામાં રાજયના વિકાસની ચારેકોર થતી પ્રશંસામાં પતંગોત્સવ પણ અભિન્ન છે. પતંગોત્સવમાં દેશવિદેશના પતંગબજો સહભાગી બને છે. અમદાવાદ સહિત વિવિધ સ્થળો પર પતંગોત્સવનું આયોજન થાય છે. અમદાવાદ સહિત વડોદરા, વડનગર, સોમનાથ, રાજકોટ, ધોલેરા, ધોરડોમાં પતંગોત્સવ-૨૦૨૩નું આયોજન કરવામાં આવ્યું છે. આંતરરાષ્ટ્રીય પતંગોત્સવથી વિદેશી પ્રવાસીઓની સંખ્યા વધી છે. આવા ઉત્સવોની ઉજવણી થકી રાજ્યના અર્થતંત્રને વેગ મળવાની સાથોસાથ રોજગારીની તકો પણ વધી છે. ઉત્તરાયણના તહેવાર પર વિવિધ રંગો આકાશમાં છવાઈ જાય છે, જે ધાર્મિક વિવિધતામાં એકતા અને ઉલ્લાસના રંગોનું પ્રતીક છે.

અમદાવાદના સાબરમતી રિવરફ્રન્ટ પર આયોજિત પતંગોત્સવમાં કુલ ૬૮ દેશોના ૧૨૫ જેટલા પતંગબાજો, ૧૪ રાજ્યોના ૬૫ પતંગબાજો તેમજ ગુજરાતના વિવિધ જિલ્લાઓના ૬૬૦થી વધુ પતંગબાજો સામેલ થયા છે. આંતરરાષ્ટ્રીય પતંગોત્સવની ઉજવણીમાંથી અન્ય રાજ્યો શીખ લઈ સંસ્કૃતિ અને પ્રકૃતિનું જતન કરે તે જરૂરી છે એમ તેમણે વધુમાં ઉમેર્યું હતું.

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.